અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ ડિસેમ્બર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક અમાસ | અંક : ૧૫૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# મહારાષ્ટ્રમાં નવી સરકાર ૫ ડિસેમ્બરે રચાશે, કોને પહેરાવાશે CMનો તાજ?

## શપથ ગ્રહણ સમારોહ પહેલા એકનાથ શિંદેની તબિયત બગડી, ડોક્ટરોએ આપી આરામની સલાહ

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

મહારાષ્ટ્રમાં મહાયુતિની નવી સરકાર આગામી ૫ ડિસેમ્બરે શપથ લઈ શકે છે. શપથ ગ્રહણના ભવ્ય કાર્યક્રમ માટે મુંબઈના ઐતિહાસિક આઝાદ મેદાનની પસંદગી કરવામાં આવી છે. મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓ અહીં શપથ લેશે. જો કે, મુખ્યમંત્રીની સાથે કેટલા કેબિનેટ મંત્રીઓ શપથ લેશે તે અંગેની માહિતી હજુ સામે આવી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપે સરકારના શપથગ્રહણની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે પોતે આ સમગ્ર મામલે સક્રિય છે. બાવનકુલે જ ધારાસભ્યોને શપથ ગ્રહણની માહિતી આપી રહ્યા છે. બીજેપી સૂત્રોના જણાવ્યા અનુસાર ૨ અથવા ૩ ડિસેમ્બરે રાજધાની મુંબઈમાં ધારાસભ્ય દળની બેઠક યોજાશે. આ બેઠકમાં ધારાસભ્ય દળના નેતાનીપસંદગી કરવામાં આવશે. ભાજપ ધારાસભ્ય દળના નેતાની પસંદગી માટે કેન્દ્રમાંથી નિરીક્ષકો મોકલશે. ધારાસભ્ય દળની બેઠક બાદ તરત જ સરકાર બનાવવાનો દાવો દાવ પર મુકવામાં આવશે. આ પછી શપથગ્રહણની તારીખની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ૨૦૧૪માં જ્યારે દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં શપથ લીધા હતા. આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો. ફડણવીસની આ સરકાર ૫ વર્ષ સુધી ચાલી હતી. ૨૦૧૯માં ફડણવીસ બીજી વખત મુખ્યમંત્રી બન્યા હતા, પરંતુ આ વખતે શપથ ગ્રહણ સમારોહ રાજભવનમાં જ યોજાયો હતો. ૨૦૧૯માં ફડણવીસની સરકાર વિશ્વાસ મત માટે વિધાનસભામાં પણ પહોંચી શકી ન હતી. જ્યારે ઉદ્ધવ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે શપથ ગ્રહણ સમારોહ માટે શિવાજી મેદાનની પસંદગી કરી હતી. બાળાસાહેબ ઠાકરેના અંતિમ સંસ્કાર શિવાજી મેદાનમાં જ થયા હતા. શિવસેના માટે આ મેદાન ખૂબ મહત્વનું માનવામાં આવે છે. મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી મહાયુતિએ ૨૩૦ પર જીત મેળવી છે. ભાજપ ૧૩૨ બેઠકો જીતીને રાજ્યની સૌથી મોટી પાર્ટી બની ગઈ છે. શિંદે સેનાએ ૫૭ અને અજિત પવારની પાર્ટીએ ૪૧ બેઠકો જીતી છે.

### એકનાથ શિંદેની એક જ માંગ, અમારે ગૃહ મંત્રાલય જોઈએ છે



મહારાષ્ટ્રના રાજકારણમાં હવે ખુલ્લેઆમ દાવાઓ સામે આવી રહ્યા છે. શિવસેનાના નેતા અને પ્રવક્તા સંજય શિરસાટે આજે ખુલ્લેઆમ કહ્યું છે કે તેમની પાર્ટી શિવસેના ગૃહ મંત્રાલય ઈચ્છે છે. એકનાથ શિંદેએ પણ આ જ માંગણી કરી છે. ગૃહ વિભાગની માંગ ગેરવાજબી નથી. સંજય શિરસાટે કહ્યું કે જો મુખ્યમંત્રી પદ ભાજપ પાસે જાય તો અમને ગૃહ મંત્રાલય જોઈએ છે. જ્યારે એકનાથ શિંદે મુખ્યમંત્રી હતા ત્યારે અમે તેમને ગૃહ મંત્રાલય આપ્યું હતું. એકનાથ શિંદેના તેમના ગામ જવાના પ્રશ્ન પર સંજયે કહ્યું કે જ્યારે પણ મુખ્યમંત્રી કોઈ મોટો નિર્ણય લે છે અથવા તેમને માનસિક શાંતિની જરૂર હોય છે ત્યારે તેઓ તેમના ગામ જાય છે. નોંધનીય છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં સીએમ પદ કોને મળશે તે અંગે અનેક અટકળો ચાલી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સીએમ પદ અને મંત્રીઓની વહેંચણીમાં ફસાયેલા રાજકારણની વચ્ચે એકનાથ શિંદે પોતાના ગામ ગયા છે. આ અંગે તમામ પ્રકારની રાજકીય અટકળો પણ કરવામાં આવી રહી છે. ભાજપ સામે ગઠબંધનના તમામ ઘટક પક્ષોની સહમતિથી આગળ વધવાનો પડકાર છે. શિંદે વિશે તેમની જ પાર્ટીના નેતાઓનું કહેવું છે કે જ્યારે પણ શિંદેને કોઈ મોટો નિર્ણય લેવો હોય ત્યારે તેઓ તેમના ગામ જાય છે. આવી સ્થિતિમાં મહારાષ્ટ્રના સીએમ પદને લઈને ચાલી રહેલા સસ્પેન્સ વચ્ચે શિંદેની ગામની મુલાકાત રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે. લોકો એ જાણવા ઉત્સુક છે કે શિંદે શું મોટો નિર્ણય લેવા જઈ રહ્યા છે? બીજી તરફ, ભાજપ ટૂંક સમયમાં તેના ધારાસભ્ય દળના નેતાની જાહેરાત કરશે.

### ૨૦૦ થી વધુ લોકોના મૃત્યુ નિપજ્યા

# સીરિયામાં ગૃહયુદ્ધના એંધાણ, જેહાદી જૂથનો એલેપ્પો શહેર પર કબજો

## ઇઝરાયલ-હમાસ યુદ્ધ શરૂ થયું ત્યારે કેટલાંક નિરીક્ષકોએ આગાહી કરી હતી કે આ યુદ્ધ સમગ્ર મધ્યપૂર્વ આવરી લેશે તે સાચી પડતી જાય છે

। (એજન્સી) સીરિયા, તા.૩૦ ।



જેહાદીઓએ દમાસ્કસ-અલેપ્પો ધોરીમાર્ગ પર આક્રમણ કર્યુ છે. પરિણામે ધોરીમાર્ગ બંધ કરવો પડયો છે. જેહાદી જૂથ હયાત-તાહીર-અલ્-શામ અને તેનાં સાથી જૂથોએ સીરિયા પર કબજો જમાવવા ખૂનખાર યુદ્ધ છેડી દીધું છે. તેમને રશિયાની સહાય છે. રશિયન-એર-સ્ટ્રાઈક્સને લીધે આ મોત થયાં હોવાનું જાણવા મળ્યું છે. કુવૈત-ઈરાક-સીરિયા લેબેનોન અને જોર્ડન તથા ઈઝરાયલનો વિસ્તાર વિશ્વના મહત્ત્વના વ્યૂહાત્મક વિસ્તારો પૈકીનો એક છે. આ વિસ્તાર પર કબજો જમાવવા મહાસત્તાઓ વચ્ચે સંઘર્ષ ચાલે છે. ઈરાક અને સીરિયામાં વર્ષોથી આંતર-કલહ ચાલી રહ્યો છે. તે પૈકી સીરિયામાં તીવ્ર આતંર-કલહ ચાલે છે જે છેલ્લાં કેટલાંક સમયથી અતિ તીવ્ર બની રહ્યો છે. તેમ સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ જણાવે છે.અત્યારે સીરિયામાં ચાલી રહેલાં ગૃહ યુદ્ધમાં હયાત તાહીર-અલ્-શામ (એચ. ટી.એસ.)ના ૧૦૨ આતંકીઓ માર્યા ગયા છે. બીજા ૧૯ તેનાં સાથી જૂથોના આતંકીઓ માર્યા ગયા છે. તો બીજી તરફ પ્રમુખ બશર અલ અસદની સરકારનાં અને સાથીઓનાં દળો મળી ૬૧ નાં મોત થયાં છે. આમ કુલ આંક ૧૮૨ મૃત્યુનો પહોંચ્યો છે.ઉક્ત ઓબ્ઝર્વેટરીના રામી અબ્દુલ રહેમાન જણાવે છે કે રશિયાના વિમાન હુમલામાં અલેપ્પોની આજુબાજુના વિસ્તારોમાં કુલ મળી ૧૯ નાં મૃત્યુ થયાં છે. જ્યારે સીરીયન લશ્કરના તોપમારાથી અન્યોનાં મૃત્યુ થયાં છે. ઉલ્લેખનીય છે કે રશિયા પ્રમુખ બશર અલ અસદને ટેકો આપે છે. જે સામે અમેરિકા સાથી પશ્ચિમના દેશો વિપ્લવ જૂથોને ટેકો આપે છે.રશિયા પ્રમુખ બશર-અલ્-યાસદનું ગાઢ મિત્ર છે. સીરિયામાં ૨૦૧૫થી ગૃહયુદ્ધ શરૂ થયું ત્યારથી રશિયાએ તેમાં હસ્તક્ષેપ શરૂ કર્યો અને ગૃહયુદ્ધ પ્રમુખ અસદ પક્ષે વાળી દીધું તે સમયે (૨૦૧૫માં) આસદ-સરકારના હાથમાં માત્ર દેશનો એક પંચમાંશ (૨૦ ટકા) ભાગ જ હતો.બીજી તરફ એચ.ટી.એસ. અને તેનાં સાથી જૂથોને તૂર્કી પણ ટેકો આપે છે.

### છેલ્લા ચાર વર્ષથી તપાસ ચાલી રહી છે તે માટે સંપૂર્ણ સહયોગ કરી રહ્યો છું : રાજ કુંદ્રા

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

પોર્નોગ્રાફી કેસ મામલે ઈડી દ્વારા રાજ કુંદ્રાના ઘરે ફરી એક વખત દરોડા કરવામાં આવ્યા હતા. આ ઘટના પછી ફરી એક વખત અભિનેત્રી શિલ્પા શેટ્ટીનું નામ પણ ચર્ચામાં આવી ગયું હતું. દરોડાની કાર્યવાહી પછી રાજ કુંદ્રાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક નોટ લખીને પોતાનું નિવેદન શેર કર્યું છે. જેમાં તેણે શિલ્પા શેટ્ટીને લઈને પણ મહત્વની વાત લખી છે. રાજ કુંદ્રાએ શેર કરેલા પોતાના સ્ટેટમેન્ટમાં લખ્યું છે કે છેલ્લા ચાર વર્ષથી છે તપાસ ચાલી રહી છે તે માટે સંપૂર્ણ રીતે સહયોગ કરી રહ્યો છે. તેણે એવું પણ લખ્યું છે કે જ્યાં સુધી વાત પોર્નોગ્રાફી, મની લોન્ડરિંગના દાવાની છે તો તે ફક્ત એટલું જ કહેવા માંગે છે કે કોઈપણ સનસની ફેલાવતી વાત સત્યને છુપાવી નહીં શકે. અંતે તો ન્યાયની જ જીત થશે. સાથે જ તેણે ખાસ એ વાત પર ભાર મૂક્યો છે કે જે તપાસ ચાલી રહી છે તેમાં તે સહયોગ કરી રહ્યો છે.

### બાંગ્લાદેશમાં વધુ એક પૂજારીની ધરપકડ, હિન્દુઓમાં આક્રોશ

**ધરપકડ કરાયેલા પૂજારીની ઓળખ શ્યામ દાસ પ્રભુ તરીકે થઈ, જે જેલમાં ચિન્મય કૃષ્ણ દાસને મળવા ગયા હતા**

। (એજન્સી) ઢાકા, તા.૩૦ ।

બાંગ્લાદેશમાં સરકાર બદલાયા બાદથી લઘુમતીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આધ્યાત્મિક નેતા ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડના થોડા દિવસો બાદ બાંગ્લાદેશના ચટગાંવમાં એક હિન્દુ પૂજારીની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા પૂજારીની ઓળખ શ્યામ દાસ પ્રભુ તરીકે કરવામાં આવી છે, જે કથિત રીતે જેલમાં ચિન્મય કૃષ્ણ દાસને મળવા ગયા હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કોઈપણ સત્તાવાર વોરંટ સિવાય ધરપકડ કરવામાં આવી છે. ઈસ્કોન કોલકાતાના ઉપાધ્યક્ષ અને પ્રવક્તા રાધારમણ દાસે પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરી છે. જેમાં કહ્યું કે, 'બીજા એક બ્રહ્મચારી શ્યામ દાસ પ્રભુની આજે ચટગાંવ પોલીસે ધરપકડ કરી લીધી.' બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ સોસાયટી ઑફ ક્રિષ્ના કોન્શિયસનેસ (ઈસ્કોન)ના ભૂતપૂર્વ સભ્ય હિન્દુ પૂજારી ચિન્મય કૃષ્ણ દાસની સોમવારે રાજદ્રોહના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. મંગળવારે તેને જામીન આપવાનો ઈનકાર કરી દેવાયો હતો.

# કોંગ્રેસના વાંધા અંગે ચૂંટણી પંચે કોંગ્રેસ પ્રતિનિધિ મંડળને આપ્યું આમંત્રણ

## કોંગ્રેસે ચૂંટણી પંચને આવેદનપત્ર આપીને મહારાષ્ટ્ર ચૂંટણીના મતદાન અને ગણતરી પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતાઓનો આરોપ લગાવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામોને લઈને કોંગ્રેસના વાંધા અંગે ચૂંટણી પંચે ૩ ડિસેમ્બર ૨૦૨૪એ દેશની સૌથી જૂની પાર્ટીના પ્રતિનિધિમંડળને આમંત્રણ આપ્યું છે. આ સાથે જ ચૂંટણી પંચે કોંગ્રેસની તમામ કાયદેસર ચિંતાઓની સમીક્ષા કરવા અને તેને વ્યક્તિગત રીતે સાંભળ્યા બાદ લેખિત જવાબ આપવાનું આશ્વાસન આપ્યું છે. કોંગ્રેસને આપવામાં આવેલા પોતાના વચગાળાના જવાબમાં ચૂંટણી પંચે રાજકીય દળોની ભાગીદારીની સાથે પારદર્શી મતદાતા યાદીમાં અપડેટ પ્રક્રિયાને બેવડાવી છે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે શુક્રવારે ચૂંટણી પંચને આવેદન પત્ર આપીને વિધાનસભા ચૂંટણી પરિણામોને લઈને પોતાનો વાંધો વ્યક્ત કર્યો હતો. જેની પર હવે પંચે જવાબ આપ્યો છે. સાથે જ મતદાન ડેટા સંબંધિત કોંગ્રેસ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાનો જવાબ આપતાં ચૂંટણી પંચે મતદાન ડેટામાં કોઈ વિસંગતિ ન હોવાનો દાવો કર્યો છે. પંચે કહ્યું છે કે આ તમામ ઉમેદવારોની પાસે મતદાન કેન્દ્ર અનુસાર ઉપલબ્ધ છે અને ચકાસાયેલું છે. સાંજે ૫ વાગ્યાના મતદાન ડેટા અને અંતિમ મતદાન ડેટામાં અંતર પ્રક્રિયાત્મક આધારે થાય છે કેમ કે પ્રિસાઈડિંગ ઓફિસર મતદાન ડેટાને અપડેટ કર્યા પહેલા મતદાનની નજીક ઘણા વૈધાનિક કાર્ય કરે છે. આ પહેલા કોંગ્રેસે શુક્રવારે ચૂંટણી પંચને આવેદન પત્ર આપીને તાજેતરમાં જ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના મતદાન અને ગણતરી પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતાઓનો આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસે આ મુદ્દે વ્યક્તિગત સુનાવણીની માગ પણ કરી હતી.

### TMC નેતાના ઘરેથી મળ્યો અત્યંત સંવેદનશીલ પદાર્થ

। સિલીગુડી, તા.૩૦ ।

૨૬ નવેમ્બરના રોજ સેનાએ પશ્ચિમ બંગાળના સિલીગુડીમાંથી રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓની શંકાના આધારે નકસલબાળીના બેલગાછી ચાના બગીચામાંથી ફ્રાન્સિસ એક્કા નામના વ્યક્તિની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા વ્યક્તિની પત્ની તૃણમૂલ કોંગ્રેસની ટિકિટ પર નકસલબાળી પંચાયત સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા છે. ધરપકડ દરમિયાન, પોલીસે આરોપીઓ પાસેથી ઘણા ગોપનીય DRDO દસ્તાવેજો અને મોટી માત્રામાં રેડિયોએક્ટિવ કેલિફોર્નિયા જપ્ત કર્યા છે.

### તમિલનાડુમાં ફેંગલ વાવાઝોડાની અસર, અનેક જિલ્લાઓમાં વરસાદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ફેંગલ વાવાઝોડું શનિવારે (૩૦મી નવેમ્બર) સાંજે ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર તમિલનાડુ અને પુડુચેરી નજીક કરાઈકલ અને મહાબલીપુરમ વચ્ચેના દરિયાકાંઠાને પાર કરશે. આ દરમિયાન તમિલનાડુના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ખરાબ હવામાનને કારણે ચેન્નાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને શનિવારે અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું હતું. ભારે વરસાદને કારણે તમિલનાડુના નવ જિલ્લાઓની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. પ્રશાસને પુડુચેરીના દરિયાકાંઠે પણ સુરક્ષા વધારી દીધી છે. પુડુચેરીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક કલાઈવાનને આ વિસ્તારના દરિયાકિનારા અને દરિયાકાંઠાના રસ્તાઓની મુલાકાત લીધી હતી. તમિલનાડુના લોકોને ચેન્નાઈના મરિના બીચ, પટ્ટિનપક્કમ અને એડવર્ડ ઈલિયટ બીચ સહિતના દરિયાકાંઢે ન જવાની સલાહ આપી હતી. ચેન્નાઈમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

### મણિપુર સરકારે મિઝોરમના સીએમને રોકડું પરખાવ્યું

। (એજન્સી) ઈમ્ફાલ, તા.૩૦ ।

મણિપુર સરકારે મિઝોરમના સીએમ લાલદુહોમા પર શાબ્દિક હુમલો કર્યો છે. મણિપુરે કહ્યું કે મિઝોરમના સીએમએ સારા પાડોશી બનીને રહેવું જોઈએ અને નફરત ન ઉશ્કેરવી જોઈએ. મહત્વનું છે કે, તાજેતરમાં લાલદુહોમાએ મણિપુર હિંસા અંગે મણિપુરના સીએમ એન બિરેન સિંહ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે સીએમ એન બિરેન સિંહ ભાજપ માટે બોજ સમાન છે અને રાષ્ટ્રપતિ શાસન પણ તેમના વહીવટ કરતા સારું છે. આ નિવેદન પર મણિપુર સરકારે લાલદુહોમા પર વળતો પ્રહાર કર્યો છે. મણિપુર સરકારે કહ્યું કે તેણે વધુ સારા રાજકારણી બનવાનો પ્રયાસ કરવો જોઈએ. તમારી ટિપ્પણીઓ નફરત અને વિભાજનને ઉશ્કેરવી જોઈએ નહીં. મણિપુર સરકારે કહ્યું કે ભારતે મ્યાનમાર, ભારત અને બાંગ્લાદેશના અડીને આવેલા વિસ્તારોને મર્જ કરીને કુકી-ચીન ખ્રિસ્તી રાષ્ટ્ર બનાવવાના મોટા એજન્ડાથી સાવચેત રહેવું જોઈએ. આ પહેલા મણિપુર હિંસા પર મિઝોરમ અને મણિપુરના સાંસદો એકબીજા સામે આવી ગયા હતા. મિઝોરમના સાંસદ સાંસદ કે.વનલાલવેનેને મેઈતેઈ અને કુકી સમુદાયો માટે અલગ વહીવટની હિમાયત કરી હતી.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN Channel Nine Network GUJARAT
Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...




મુખ્યમંત્રીએ સોજીત્રા ખાતેની નવનિર્મિત સરકારી વિનયન અને વાણિજય કોલેજના ભવનનું લોકાર્પણ કરી કોલેજની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું.

## ખોખરાની સોસાયટીમાં કિન્નરોનો આતંકઃ સૂત્રધાર મોના માસી સહિત સાતની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ જેવા મોટા શહેરોમાં કિન્નરોનો આતંક વધી રહ્યો છે. ત્યારે બુધવારે (૨૭મી નવેમ્બર) ખોખરા વિસ્તારમાં આવેલા રાધે બંગ્લોઝમાં પચાસથી વધુ કિન્નરોનું ટોળું બળજબરીપૂર્વક સોસાયટીમાં ઘૂસી આવ્યું હતું, અને બક્ષિસના નામે પૈસાની ઉઘરાણી માટે જબરદસ્તી કરવા લાગ્યા હતા. જેનો સ્થાનિક રહીશોએ વિરોધ કરતા કિન્નરો બળજબરી કરી મારામારી પર ઉતરી આવ્યા હતા. આ મામલે પોલીસે કાર્યવાહી કરતા મોના માસી ઉર્ફે હિરાલાલ પરમાર સહિત સાત કિન્નરની ધરપકડ કરી છે. અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલા રાધે બંગ્લોઝમાં પચાસથી વધુ કિન્નરોનું ટોળું બળજબરીપૂર્વક સોસાયટીમાં ઘૂસી આવ્યું હતું, અને બક્ષિસના નામે પૈસાની ઉઘરાણી માટે જબરદસ્તી કરવા લાગ્યા હતા. સોસાયટીના રહીશો દ્વારા ઈચ્છા અનુસાર આપેલી બક્ષિસનો અસ્વીકાર કરી વધુ રૂપિયાની માંગણી કરી હતી. જેનો સ્થાનિક રહીશોએ વિરોધ કરતા કિન્નરો બળજબરી કરી મારામારી પર ઉતરી આવ્યા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. કિન્નરોની દાદાગીરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## જામજોધપુર નજીક હોન્ડા સિટી કાર અને બોલેરો વચ્ચે ગમખ્વાર અકસ્માત

। (એજન્સી) જામનગર, તા.૩૦ ।

જામનગર જિલ્લાના જામજોધપુર નજીક એક હોન્ડા સિટી કાર તેમજ બોલેરો પીકપ વેન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં હોન્ડા સિટી કારના ચાલકને ઈજા થઈ છે, જયારે તેની સાથે બેઠેલા અન્ય એક યુવાનનું ગંભીર ઈજા થવાથી કરૂણ મૃત્યુ નીપજયું છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે મુળ કલ્યાણપુર તાલુકાના રાવલ ગામનો વતની નરેશ બાબુભાઈ સોલંકી નામનો ૩૦ વર્ષનો યુવાન પોતાની બોલેરો પીકપ વેનમાં મગફળી ભરીને જામજોધપુરના માર્કેટિંગ યાર્ડમાં જઈ રહ્યો હતો. જે દરમિયાન માર્કેટિંગ યાર્ડ પાસે સામેથી આવી રહેલી જી જે. ૦૩ સી.એ. ૨૩૮૯ નંબરની હોન્ડા સિટી કારના ચાલકે ઠોકર મારી દેતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં હોન્ડા સિટી કારના ચાલક સુનિલભાઈ કાંતિલાલ મકવાણાને ઈજા થઈ હતી, જ્યારે તેની સાથે બાજુની સીટમાં બેઠેલા કમલકુમાર ઘનશ્યામભાઈ નામના અન્ય એક યુવાનનું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નીપજયું છે.

### અમદાવાદને એક નવી ભેટ મળવા જઈ રહી છે

## અમદાવાદમાં SG Highuway નજીક બનશે લોટસ પાર્ક

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકાર રાજ્યના વિકાસ માટે સતત કામ કરી રહી છે. આ ઉદ્દેશ્ય હેઠળ રાજ્ય સરકાર રાજ્યના શહેરોમાં પ્રવાસન વધારવા માટે તેને આકર્ષણનું કેન્દ્ર બનાવી રહી છે. આ શ્રેણીમાં રાજ્ય સરકાર અમદાવાદ શહેરને નવો લુક આપવા જઈ રહી છે. ફ્લાવર શોની સફળતા બાદ હવે અમદાવાદને એક નવી ભેટ મળવા જઈ રહી છે. અમદાવાદ શહેરમાં ૮૦ કરોડના ખર્ચે ભવ્ય લોટસ પાર્ક બનાવવામાં આવી રહ્યો છે. આ લોટસ પાર્ક અમદાવાદના ગોતા વિસ્તારમાં ૨૫ હજાર ચોરસ મીટર વિસ્તારમાં બનાવવામાં આવી રહ્યો છે. આ નવો પાર્ક આગામી બે વર્ષમાં અમદાવાદનું નવું આકર્ષણ બનશે. આ પાર્કમાં ફ્લાવર શો જેવો બગીચો પણ હશે. જેમાં લોકોને કાયમી ધોરણે અનોખા ફૂલોના છોડ જોવા મળશે. અમદાવાદમાં એસજી હાઈવે પર ગોતા વિસ્તારમાં ૮૦ રૂપિયાના ખર્ચે લોટસ પાર્ક બનાવવામાં આવશે. આ ગાર્ડન અનોખો હશે, જે કમળના આકારમાં બનવા જઈ રહ્યો છે. તેની ખાસિયત એ છે કે અહીં દેશના તમામ રાજ્યોના ખાસ ફૂલો એક જગ્યાએ જોવા મળશે. આ કમળનો બગીચો અનેક વિશેષતાઓથી ભરપૂર હશે. થોડા સમય પહેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બજેટમાં લોટસ પાર્કનો પ્રોજેક્ટ રાખવામાં આવ્યો હતો. આ વર્ષના બજેટમાં ગોતા વોર્ડમાં એસજી હાઈવે પર દેવસીટી પાસે ટીપી સ્કીમ-૨૯ના ફાઈનલ પ્લોટ-૪માં લોટસ પાર્ક વિકસાવવાની યોજના બનાવવામાં આવી હતી. હવે આ પ્રોજેક્ટ માટે ૨૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ લોટસ પાર્કની વિશેષતા એ હશે કે ૨૫ હજાર ચોરસ મીટરની જગ્યામાં દેશના તમામ રાજ્યોના ફૂલો એક જગ્યાએ જોવા મળશે. પ્રોજેક્ટનો આકાર કમળ જેવો છે. દરેક પાંખડી દેશના જુદા જુદા રાજ્યના ફૂલોનું પ્રતિનિધિત્વ કરશે. દેશના તમામ રાજ્યોની પાંખડીઓ ટેબલેટ સ્વરૂપે એક જગ્યાએ પ્રદર્શિત થશે. આ ભારતનો પ્રથમ અને સૌથી મોટો કમળ આકારનો ઉદ્યાન હશે. આ પ્રોજેક્ટ નેટ ઝીરો એનર્જી થીમ પર વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ લેન્ડસ્કેપ ડેવલપમેન્ટ, જાહેર સુવિધાઓ અને પાર્કિંગની વ્યવસ્થા સાથે તૈયાર થશે.

જે દેશમાં આ પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ હશે. આ દરેક પાંખડીને ટેબ્લેટ ટેકનોલોજી દ્વારા નિયંત્રિત કરી શકાય છે. ફ્લાવર મ્યુઝિયમમાં દેશના અલગ-અલગ ભાગોના ફૂલો પ્રદર્શિત કરવામાં આવશે. આ પાર્ક ભારતના તમામ રાજ્યોમાંથી ફૂલોનું પ્રતિનિધિત્વ કરતો પ્રથમ પાર્ક હશે. અહીં વિવિધ પ્રદેશોના ફૂલો રાખવામાં આવશે. આ બગીચામાં ભેજ અને તાપમાન બધું જ નિયંત્રિત કરી શકાય છે. આ પ્રોજેક્ટ નેટ ઝીરો એનર્જી કોન્સેપ્ટ પર વિકસાવવામાં આવશે. લોટસ પાર્કના અન્ય કામો સહિત સિવિલ, ઈલેક્ટ્રિકલ અને લેન્ડસ્કેપના કામો માટે રૂ. ૨૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. લોટસ પાર્કનો કુલ ખર્ચ ૫૦ કરોડથી વધુ થવાની શક્યતા છે. બગીચાનું કામ બે થી ત્રણ તબક્કામાં કરવામાં આવશે.

### ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે

## વલસાડ ખાતે આદિવાસી જન ઉત્કર્ષ મહોત્સવનો પ્રારંભ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૫ નવેમ્બરને ભગવાન બિરસા મુંડા જન્મ જયંતિ નિમિત્તે 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે દેશભરમાં ઉજવવામાં આવે છે. તેમની આ વર્ષે ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં 'આદિવાસી જન ઉત્કર્ષ મહોત્સવ ૨૦૨૪'નો વલસાડ ખાતેથી તા. ૨૮ નવેમ્બરે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવનો સમાપન સમારોહ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં તા. ૧૧ ડિસેમ્બર ૨૦૨૪એ અંબાજી ખાતે યોજાશે. આ મહોત્સવ અંતર્ગત રાજ્યના ૧૮ જિલ્લાઓને સાંકળી લેવાશે. જેમાં પ્રથમ તબક્કામાં તા. ૨૮ અને ૨૯ નવેમ્બરે વલસાડના ઉમરગામ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વલસાડ, નવસારી, ડાંગ અને સુરત જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આગામી તા. ૦૨-૦૩ ડિસેમ્બરે છોટાઉદેપુર ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે જેમાં છોટાઉદેપુર, ભરૂચ, તાપી, નર્મદા અને વડોદરા જિલ્લાનો સમાવેશ કરાયો છે. જ્યારે તા. ૦૬-૦૭ ડિસેમ્બરે મહીસાગરના સંતરામપુર ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે જેમાં મહિસાગર, દાહોદ, પંચમહાલ, ખેડા અને આણંદ જિલ્લાનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત તા. ૧૦-૧૧ ડિસેમ્બરે બનાસકાંઠાના અંબાજી ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને પાટણ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે.બે દિવસીય મહોત્સવના પ્રથમ દિવસના ઉદઘાટન સત્રમાં ભગવાન બિરસા મુંડા અને આદિવાસી દેવી દેવતાઓનું પુજન તથા આદિવાસી લોકનૃત્યની પ્રસ્તુતી કરવામાં આવશે. જેમાં બપોર બાદ આદિવાસી ઉત્કર્ષને લગતા વિવિધ વિષયો જેવા કે, સ્કીલ ટ્રેનીંગ ફોર ટ્રાઈબલ યુથ, ઈનોવેશન ઈન આર્ટ, ખેતી, પશુપાલન, ઓર્ગેનિક ખેતી, ડેરી ટેક્નોલોજી તથા મહિલા સશક્તિકરણ અંગે સેમિનાર યોજાશે. આ ઉપરાંત પ્રથમ દિવસે પ્રસિદ્ધ આદિવાસી લોક ગાયકો, સંગીતકારો દ્વારા તેમની કલાની પ્રસ્તુતિ, આદિવાસી મહિલા, ખેલ જગત, કૃષિ તથા શિક્ષણ ક્ષેત્રે ખ્યાતિ મેળવનાર નાગરિકોનું સન્માન, રચનાત્મક કાર્ય કરનાર આદિવાસી સંસ્થાઓ અને દ્વર્ઈ દ્વારા આદિવાસી ક્ષેત્રમાં સામાજિક દાયિત્વ માટેના પ્રકલ્પોની માહિતી આપવામાં આવશે. બે દિવસીય મહોત્સવના બીજા દિવસે મહિલા અના બાળ સ્વાસ્થ્ય ચકાસણી તથા સંભાળ, આર્ટ કલ્ચર, રમત ગમત કૌશલ્ય, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની આદિવાસીઓ માટેની વિશિષ્ટ યોજના અંગે સંવાદ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું માર્ગદર્શન જેવા વિવિધ વિષયો પર સેમીનાર યોજાશે.

### ગરવી ગુર્જરીની વધુ એક સફળતા

## ઘરચોળાને ભારત સરકાર તરફથી મળ્યો GI ટેગ

### હસ્તકલા ક્ષેત્રે ગુજરાતનો આ ૨૩મો જીઆઈ ટેગ, ગુજરાતને મળેલ જીઆઈ ટેગની સંખ્યા ૨૭ પર પહોંચી

। ગાંધીનગર, તા.૩૦ ।

ગુજરાત તેની વૈવિધ્યસભર અને ઉત્કૃષ્ટ હસ્તકલા માટે જાણીતું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાત રાજ્યને કુલ ૨૬ GI ટેગ પ્રાપ્ત થયા છે, જે પૈકી ૨૨ GI ટેગ હસ્તકલા ક્ષેત્ર માટે પ્રાપ્ત થયા છે. હવે ભારત સરકારે ગુજરાતની વધુ એક સાંસ્કૃતિક હસ્તકલા વિરાસત ઘરચોળાને જીઆઈ ટેગ આપ્યો છે, અને આ સાથે ગુજરાતને મળેલા કુલ જીઆઈ ટેગની સંખ્યા ૨૭ પર પહોંચી ગઈ છે, જ્યારે હસ્તકલા ક્ષેત્રે આ ૨૩મો જીઆઈ ટેગ મળ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગરવી ગુર્જરીની આ વધુ એક સફળતા છે. તાજેતરમાં ભારત સરકારના કાપડ મંત્રાલયના હેન્ડલૂમ્સ ડેવલપમેન્ટ કમિશનર દ્વારા નવી દિલ્હી ખાતે આયોજિત "જીઆઈ એન્ડ બિયોન્ડ–વિરાસત સે વિકાસ તક" કાર્યક્રમ દરમિયાન ગુજરાતના ગૌરવ સમાન "ઘરચોળા હસ્તકલા" ને પ્રતિષ્ઠિત જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન ટેગ એનાયત કરવામાં આવ્યો છે. ગરવી ગુર્જરીના પ્રયાસો થકી શક્ય બનેલ છે. ઘરચોળા માટે જીઆઈની માન્યતા, પોતાના કલા વારસાને સુરક્ષિત રાખવાના ગુજરાતના સમર્પણને પ્રતિબિંબિત કરે છે. આ જીઆઈ ટેગ ગુજરાતની ઘરચોળા હસ્તકલાના સમૃદ્ધ વારસા અને જટિલ કારીગરીને વ્યાખ્યાયિત કરે છે અને તેનાથી ઘરચોળા કલાના અનન્ય સાંસ્કૃતિક ખજાનાનું સ્થાન વૈશ્વિક ફલક પર મજબૂત થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવેલી વન ડિસ્ટ્રિક્ટ-વન પ્રોડક્ટ (ઓડીઓપી) યોજનાને કારણે જીઆઈ ઉત્પાદનોનો બહોળો પ્રચાર-પ્રસાર થયો છે. મુખ્યમંત્રીના આ વિઝનને આગળ ધપાવતા કુટીર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી દ્વારા આ જીઆઈ ટેગ્સ મેળવવા માટે પ્રસંશનીય કામગીરી કરવામાં આવે છે. ગુજરાતના ઘરચોળા હિંદુ અને જૈન સમાજમાં લગ્ન જેવા માંગલિક પ્રસંગોએ પહેરવામાં આવે છે. પરંપરાગત રીતે, ઘરચોળા લાલ અથવા મરૂન અને લીલા અથવા પીળા જેવા રંગોમાં બનાવવામાં આવતા હતા, જેને હિંદુ પરંપરામાં શુભ રંગો માનવામાં આવે છે. આજે ગુજરાતના વણકરો આધુનિક સમયને અનરૂપ ઘરચોળા સાડીની બનાવટમાં તેમની ડિઝાઈન્સ અને ટેકનીક્સને અપડેટ કરી રહ્યા છે. તેઓ વધુ આકર્ષક સાડીઓ બનાવવા માટે કૌશલ્ય વિકસિત કરી રહ્યા છે, જેના કારણે બજારમાં ઘરચોળા સાડીઓની માંગમાં પણ ઘણો સુધારો થયો છે. નિગમના ગરવી ગુર્જરી વેચાણ કેન્દ્રો ખાતે ઘરચોળા સાડીઓનું વિપુલ પ્રમાણમાં વેચાણ થઈ રહ્યું છે. જીઆઈ ટેગ માત્ર હસ્તકલાની પ્રામાણિકતા અને વિશિષ્ટતાને જ રેખાંકિત નથી કરતું, પરંતુ વૈશ્વિક સ્તરે તેનો પ્રચાર કરવા માટે એક મૂલ્યવાન માર્કેટિંગ સાધન પણ પૂરું પાડે છે. જીઆઈ ટેગ ગ્રાહકોને સંબંધિત પ્રોડક્ટના મૂળની ખાતરી આપે છે અને તેમને વિશ્વાસ અપાવે છે કે તેઓ અસ્સલ અને જિલ્લા-વિશિષ્ટ હસ્તકલા ખરીદી રહ્યા છે. તે સ્થાનિક કારીગરોની કુશળતા અને પરંપરાઓને મૂર્તિમંત કરે છે. ઘરચોળા સાડી ઉપરાંત, હસ્તકલા સેતુ યોજના અંતર્ગત ગત વર્ષે સુરતની લુપ્ત થતી કલા "સાડેલી", બનાસકાંઠાની "સુફ" એમ્બ્રોઈડરી, ભરૂચ જિલ્લાની "સુજની" હસ્તકલા તેમજ અમદાવાદની "સૌદાગીરી પ્રિન્ટ" અને "માતાની પછેડી" હસ્તકલાને જીઆઈ ટેગ્સ આપવામાં આવ્યા છે.

### પિતાએ પોતાની દીકરીની જ હત્યા કરી નાખી

## મોબાઈલ પર વાત કરતી દીકરીને કૂકરના ઘા મારી પિતાએ મોતને ઘાટ ઉતારી

। (એજન્સી) સુરત, તા.૩૦ ।

ગુજરાતમાં ગુનાખોરીનો ગ્રાફ સતત વધી રહ્યો છે. એમાંય હત્યાની ઘટનાઓ સામે આવતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ લાગી રહ્યું છે. આ દરમિયાન સુરતમાં એક પિતાએ પોતાની દીકરીની જ હત્યા કરી નાખી હોવાના બનાવે ખળભળાટ મચાવી દીધો છે.

અહેવાલો અનુસાર દીકરી ઘરકામને બદલે મોબાઈલ પર કોઈની સાથે વાત કરતી હોય પિતાએ પારો ગુમાવ્યો હતો અને રસોડામાં પડેલું કૂકર લઈને દીકરી પર તૂટી પડ્યા હતા. ૧૦ જેટલા ઘા મારતા દીકરી લોહીલુહાણ થઈને ત્યાં જ ઢળી પડી. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડી હતી. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થતાં આખો બનાવ હત્યામાં પલટાયો છે. સમગ્ર મામલે પોલીસે હત્યારા પિતાની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અહેવાલો અનુસાર સુરતના ભરીમાતા રોડ પર રહેતા અને રિક્ષા ચલાવતા મુકેશ પરમાર તેનાં ત્રણ સંતાનો અને પત્ની સાથે રહે છે. મુકેશ પરમાર ભાડેથી રિક્ષા ચલાવે છે અને થોડા સમયથી બીમાર હોવાથી ઘરે આરામ કરતો હતો. ઘરમાં તેની ૧૮ વર્ષીય દીકરી હેતાલી અને નાનો પુત્ર હાજર હતા. માતા અને એક બહેન નોકરી પર જતાં પહેલા હેતાલીને ઘરકામ કરી લેવાનું કહ્યું હતું.

જે બાબતે પિતાએ પણ ટકોર કરી પરંતુ, પુત્રી મોબાઈલમાં વ્યસ્ત રહેતી હોઈ મુકેશ પરમાર ઉશ્કેરાયો હતો અને રસોડામાં પડેલું કૂકર ઉઠાવી દીકરીના માથામાં ધડાધડ ૧૦ ઘા મારતા હેતાલી ત્યાં જ ઢળી પડી હતી. બનાવની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં પડેલી હેતાલીને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જો કે, સારવાર દરમિયાન તેનું મોત થઈ ગયું.

## લોનની લાલચમાં લાખો રૂપિયા ગુમાવતા ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

। (એજન્સી) ભાવનગર, તા.૩૦ ।

ભાવનગરના બોરડીગેટ વિસ્તારમાં રહેતા પ્રવીણ સાગઠિયાએ લોનની લાલચમાં લાખો રૂપિયા ગુમાવતા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો. મૃતક કોન્ટ્રાક્ટર પ્રવીણે દોઢ કરોડ રૂપિયાની લોનની લાલચમાં ૪૦ લાખ રૂપિયા ગુમાવી દેતા અંતિમ પગલું ભર્યું હતું. આત્મહત્યા કરતા પહેલા મૃતકે એક વીડિયો બનાવ્યો છે, જેમાં તે અંતિમ પગલુ કેમ ભરી રહ્યો છે તેની માહિતી આપી છે. મૃતક પ્રવીણ સાગઠિયાનો અંતિમ વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં તેમની સાથે છેતરપિંડી કરનારા શખસોના નામ અને કેવી રીતે પોતાને છેતરવામાં આવ્યા તેની સંપૂર્ણ માહિતી આપી છે. મૃતકે વીડિયોમાં દોષિતો સામે કાર્યવાહી કરવાની પણ પોલીસને વિનંતી પણ કરી છે. આ સમગ્ર મામલે મૃતકના પત્ની હંસાબેને ચાર શખસો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મૃતકના પત્નીએ નોંધાવેલી પોલીસ ફરિયાદ અનુસાર, જેની પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. તે વ્યાજખોર ગૌતમ મેર પાસેથી ૪ લાખ રૂપિયા ૨૦ ટકામાં લીધા હતા.

### બે મહિલા સહિત ચારની ધરપકડ

## કચ્છમાં હાઈવે પરથી રૂ.૧.૪૭ કરોડનું કોકેઈન ઝડપી પાડ્યું

। (એજન્સી) કચ્છ, તા.૩૦ ।

કચ્છમાં હાઈવે પર આવેલી હોટલ અને ઢાબા પર દેશી-વિદેશી દારૂથી લઈને ડ્રગ્સ સુધીનું વેચાણ થતું હોવાની SOG અને લાકડીયા પોલીસને જાણકારી મળી હતી. જેમાં પોલીસને લાકડીયા નજીકની એક હોટેલના માલિકની કોકેઈન કેસમાં સૂત્રધાર હોવાની શંકા હતી. જેને લઈને પોલીસે અન્ય રાજ્યમાંથી આવતા વાહનોનું હાઈવે પર ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં SOGએ ૧.૪૭ કરોડના કોકેઈનના મુદ્દામાલ સાથે બે મહિલા સહિત ચારની ધરપકડ કરીને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી. મળતી માહિતી મુજબ, કચ્છમાં હાઈવે પરના હોટલે અને ઢાબા પર દારુ અને ડ્રગ્સનું વેચાણ થતું હોવાની જાણ થતાં ગત ગુરુવારે SOG અને લાકડીયા પોલીસની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ભારત હોટેલ પાસેની મઢી ત્રણ રસ્તે હરિયાણાના પાસિંગની ઈકો કાર સંકાસ્પદ જણાતા પોલીસે તપાસ કરી હતી. જેમાં કારના એર ફિલ્ટર નીચે છૂપાયેલું કોકેઈન ઝડપાયું હતું. સમગ્ર મામલે લાકડીયા પોલીસે ૧.૪૭ કરોડ રૂપિયાની કિંમતનું ૧૪૭.૬૭ ગ્રામ કોકેઈન જપ્ત કર્યુ હતું. જેમાં પોલીસે બે મહિલા સહિત ચાર શખસોની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી. પોલીસે કાર ચલાવનાર હનિસિંઘ નામના શખસની પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, સન્નીસિંઘ ઊર્ફે ગુલવંતસિંઘ હજુરાસિંઘ શીખે કાર આપી હતી અને તેની પત્ની સુમન ઊર્ફે જશપાલકૌરને સામખિયાળી મૂકવાનું કહ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રાલયે INS વિક્રમાદિત્યના શોર્ટ રિફિટ અને ડ્રાય ડોકિંગ માટે CSL કોચીન સાથે રૂ. ૧૨૦૭.૫ કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા.

### બાંગ્લાદેશમાં હિંદુઓ પર વાંરવાર હુમલો કરાય છે

# હિંદુઓ પર હુમલા અંગે મોદી સરકારે બાંગ્લાદેશને આપ્યો કડક સંદેશ

### વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશને લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવા માટે તમામ પગલાં લેવાનું આહ્વાન કર્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતીય વિદેશ મંત્રાલયએ બાંગ્લાદેશમાં લઘુમતીઓ, ખાસ કરીને હિંદુ સમુદાયોની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, 'જ્યાં સુધી બાંગ્લાદેશમાં હિંદુઓ અને લઘુમતીઓની સ્થિતિનો સંબંધ છે, અમે અમારો વિરોધ ખૂબ જ સ્પષ્ટ કરી દીધો છે. અમે બાંગ્લાદેશ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે કે, તેણે હિંદુ સમુદાયો અને તેમના હિતોને સુરક્ષા અને રક્ષણ આપવાની જવાબદારી લેવી જોઈએ.'બાંગ્લાદેશમાં ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ અને અટકાયત અંગે જયસ્વાલે કહ્યું કે, અમે ઈસ્કોનને સામાજિક સેવાના મજબૂત રેકોર્ડ સાથે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત સંસ્થા તરીકે જોઈએ છીએ. જ્યાં સુધી ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડનો સવાલ છે, અમે અમારું નિવેદન આપી દીધું છે. આ મામલે તેમની સામે કાર્યવાહી ચાલી રહી છે. અમે આશા રાખીએ છીએ અને અપેક્ષા રાખીએ છીએ કે આ કાર્યવાહી ન્યાયી,




સમાન અને પારદર્શક રીતે કરવામાં આવશે. જેથી આ વ્યક્તિઓ અને સંબંધિતો તમામ લોકો માટે સંપૂર્ણ સન્માન સુનિશ્ચિત કરી શકાય.'જયસ્વાલે વધુમાં કહ્યું કે, 'અમે આક્રમક નિવેદન, હિંસા અને ઉશ્કેરણીજનક ઘટનાઓથી ચિંતિત છીએ. 'અમે ફરી એકવાર બાંગ્લાદેશને લઘુમતીઓની સુરક્ષા માટે તમામ પગલાં લેવાનું આહ્વાન કરીએ છીએ.'ભારતથી બાંગ્લાદેશને માલસામાનની સપ્લાય પર જયસ્વાલે કહ્યું, 'ભારતથી બાંગ્લાદેશને માલની સપ્લાય ચાલુ છે.

## ન્યૂઝ બ્રિફ

### બાંગ્લાદેશમાં હિંદુઓ ઉપરના હુમલા બંધ કરાવો

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૩૦ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ બાંગ્લાદેશમાં હિંદુઓ અને અન્ય તમામ લઘુમતીઓ પર ઈસ્લામિક કટ્ટરપંથીઓ દ્વારા મહિલાઓ પરના હુમલાઓ, હત્યાઓ, લૂંટફાટ, આગચંપી અને અમાનવીય અત્યાચારની ચિંતા વ્યક્ત કરી છે અને નિંદા કરી છે. આ ઉપરાંત સંઘે ઈસ્કોનના સાધુ ચિન્મય કૃષ્ણ દાસને જેલમાંથી મુક્ત કરવાની પણ માંગ કરી છે. આરએસએસ સરકાર્યવાહ દત્તાત્રેય હોસાબલે દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, વર્તમાન બાંગ્લાદેશ સરકાર અને અન્ય એજન્સીઓ તેને રોકવાને બદલે માત્ર મૂક પ્રેક્ષક બની ગઈ છે. RSSએ કહ્યું છે કે બાંગ્લાદેશના હિંદુઓના અવાજને દબાવવા માટે અન્યાય અને અત્યાચારનો નવો યુગ ઉભરી રહ્યો છે. આવા શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનમાં હિન્દુઓની આગેવાની કરી રહેલા ઈસ્કોન સાધુ ચિન્મય કૃષ્ણ દાસને જેલમાં મોકલવો બાંગ્લાદેશ સરકાર માટે અન્યાય છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વતી બાંગ્લાદેશ સરકારને અપીલ કરવામાં આવી છે કે બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચાર તાત્કાલિક બંધ થાય અને ચિન્મય કૃષ્ણ દાસને જેલમાંથી મુક્ત કરવામાં આવે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પણ ભારત સરકારને બાંગ્લાદેશી હિંદુઓ પર થતા અત્યાચારો બંધ કરવા અપીલ કરી હતી. આરએસએસએ ભારત સરકારને બાંગ્લાદેશમાં હિંદુઓ અને અન્ય તમામ લઘુમતીઓ પર થતા અત્યાચારને રોકવા માટે દરેક શક્ય પ્રયાસો ચાલુ રાખવા અને તેમના સમર્થનમાં વૈશ્વિક અભિપ્રાય બાંધવા માટે શક્ય તેટલી વહેલી તકે જરૂરી પગલાં લેવા જણાવ્યું હતું.

### સંભલમાં હવે બહારના લોકો-જનપ્રતિનિધિઓના પ્રવેશ પર પ્રતિબંધ

। (એજન્સી) સંભલ, તા.૩૦ ।

ઉત્તર પ્રદેશના સંભલને હવે એવા 'સંવેદનશીલ વિસ્તારમાં' ફેરવી દેવામાં આવ્યું છે કે અહીં ન તો કોઈ બહારના વ્યક્તિને પ્રવેશ આપવામાં આવશે અને ન તો કોઈ સામાજિક કાર્યકર્તા કે નેતા અહીં જઈ શકશે. જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પંડિયાએ જાહેરાત કરી છે કે હવે આ પ્રતિબંધ ૧૦ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. એટલે કે મુઘલ કાળમાં બનેલી શાહી જામા મસ્જિદને લઈને શરૂ થયેલા વિવાદે હવે શહેરને તાળા મારી દીધા છે. ડીએમ રાજેન્દ્ર પંડિયાએ આદેશ આપ્યો છે કે કોઈ પણ વ્યક્તિ સક્ષમ અધિકારીને જાણ કર્યા વિના સંભલમાં પ્રવેશી શકશે નહીં. સંભલ જિલ્લાની સરહદમાં બહારના લોકોના પ્રવેશ પર અગાઉ ૧ ડિસેમ્બર સુધી પ્રતિબંધ હતો, પરંતુ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેને વધુ લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજે સમાજવાદી પાર્ટીના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ પણ આવવાનું હતું, જેમને તેમના વિસ્તાર અને નિવાસસ્થાને રોકી દેવામાં આવ્યા છે. સપાના નેતાઓનું પ્રતિનિધિમંડળ જે સંભલ જવાનું હતું તેમાં યુપી વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા માતા પ્રસાદ પાંડે પણ સામેલ હતા, જેમણે પૂછ્યું હતું કે 'સરકાર સંભલમાં શું છુપાવવા માંગે છે?' તેણે કહ્યું કે પહેલા તેણે શુક્રવારે જવાની યોજના બનાવી હતી, પરંતુ પ્રશાસને તેને ત્રણ દિવસ રોકાવાનું કહ્યું હતું, અને કહ્યું હતું કે શુક્રવારે શાંતિ ભંગ થવાનો ભય હતો, પરંતુ હવે પણ તેને જવા દેવામાં આવી નથી. માતા પ્રસાદ પાંડેએ કહ્યું કે સંભલની દરેક ગલીમાં પ્રેસના લોકો ફરે છે, એકલા સપાના પ્રતિનિધિમંડળથી શું ખતરો છે? તેમણે કહ્યું કે, હું વિપક્ષનો નેતા છું. હજુ સુધી કોઈ પ્રશાસનિક અધિકારી દ્વારા મને કોઈ નોટિસ આપવામાં આવી નથી.

### ઈશાન કિશનની અરુણાચલ પ્રદેશ સામે વિસ્ફોટક ઈનિંગ

# ઈશાન કિશને ચોગ્ગા-છગ્ગાની રમઝટથી ટીમને ૨૭ બોલમાં જીત અપાવી દીધી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સૈદય મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૪માં ઘણા આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોએ આક્રમક ઈનિંગ રમી છે. આ કડીમાં ટીમ ઈન્ડિયામાંથી બહાર ચાલી રહેલા ઈશાન કિશને એક મેચમાં ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કરતા પોતાની ટીમને માત્ર ૨૭ બોલમાં જીત અપાવી છે. હકીકતમાં ગ્રુપ-સીમાં અરૂણાચલ પ્રદેશ અને ઝારખંડની મેચમાં ઈશાને આક્રમક બેટિંગ કરતા ટીમને ૧૦ વિકેટે જીત અપાવી છે. ૭૭ રનની ઈનિંગ દરમિયાન ઈશાનની સ્ટ્રાઈક રેટ ૩૦૦ની ઉપર રહી. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ઈશાન કિશાને ધમાલ મચાવી હતી. અરૂણાચલ પ્રદેશની ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૯૩ રન બનાવ્યા હતા. જવાબમાં ઝારખંડ માટે ઓપનિંગ કરવા ઉતરેલા ઈશાન કિશન અને ઉત્કર્ષ સિંહે અણનમ રહેતા ટીમને ૧૦ વિકેટે જીત અપાવી હતી. ઈશાન કિશને ૩૩૪.૭૮ની સ્ટ્રાઈક રેટથી ઘાતક ૭૭ રન બનાવ્યા. તેની એક ઈનિંગમાં ૯ સિક્સ અને ૫ ચોગ્ગા ફટકાર્યા હતા. ઈશાન કિશને ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવતા માત્ર ૨૩ બોલમાં ૯ સિક્સ અને ૫ ચોગ્ગા સાથે અણનમ ૭૭ રન ફટકાર્યા હતા. જ્યારે ઉત્કર્ષ સિંહે ૬ બોલમાં બે ચોગ્ગા સાથે અણનમ ૧૩ રન બનાવ્યા હતા. ઝારખંડની આ ટૂર્નામેન્ટમાં ત્રીજી જીત છે. ટીમે ચાર મેચ રમી છે, જેમાં ત્રણ જીત અને એક હાર સાથે ૧૨ પોઈન્ટ મેળવ્યા છે. ટીમ પોતાના ગ્રુપ (સી) માં બીજા સ્થાન પર છે. ટોપ પર દિલ્હીની ટીમ છે, જેણે અત્યાર સુધી પોતાની ચારેય મેચ જીતી છે. ત્રીજા નંબર પર ૧૨ પોઈન્ટ સાથે ઉત્તર પ્રદેશની ટીમ છે. ચોથા સ્થાન પર હરિયાણા છે, જેના ચાર મેચમાં આઠ પોઈન્ટ છે.

### તોડશે બ્રાયન લારાનો વર્લ્ડ રેકોર્ડ!

## એડિલેડમાં ઇતિહાસ રચવાથી વિરાટ કોહલી માત્ર ૧૦૨ રન દૂર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતે ઓસ્ટ્રેલિયા પ્રવાસે પહેલી ટેસ્ટમાં જીત મેળવી શાનદાર શરૂઆત કરી છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી અંતર્ગત રમાઈ રહેલી ૫ ટેસ્ટ મેચ સિરીઝની પહેલી મેચમાં ભારતે યજમાન ટીમને ૨૯૫ રને હાર આપી હતી. આ જીતમાં વિરાટ અને યશસ્વીએ મહત્વની ભૂમિકા ભજવી હતી. વિરાટે બીજી ઈનિંગમાં ૧૪૩ બોલમાં પોતાની ૩૦મી ટેસ્ટ સદી ફટકારી હતી. હવે તે ભારત માટે બીજી ટેસ્ટમાં પણ મહત્વનો ખેલાડી રહેશે, જે ૬ ડિસેમ્બરના રોજ રમાનાર છે. એડિલેડ ઓવલમાં ડે-નાઈટ ટેસ્ટ રમાશે. તમને જણાવી દઈએ કે, વિરાટ આ મેચમાં એક મોટો રેકોર્ડ બનાવવાથી નજીક છે. વિરાટ કોહલીએ પિંક બોલ ટેસ્ટમાં ૨૭૭ રન બનાવ્યાં છે અને તે ડે-નાઈટ ટેસ્ટમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય ખેલાડી છે. જો તે બીજી ટેસ્ટમાં ૨૩ રન બનાવી લે તો તે પિંક બોલ ટેસ્ટમાં ૩૦૦ રન બનાવનાર પહેલો ભારતીય ખેલાડી બની જશે. પિંક બોલ ટેસ્ટમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય ખેલાડીઓની યાદીમાં વિરાટ કોહલી (૨૭૭) પહેલા નંબરે, રોહિત શર્મા (૧૭૩) બીજા અને શ્રેયસ અય્યર (૧૫૫) ત્રીજા નંબરે છે. વિરાટ કોહલીએ એડિલેડ ઓવલમાં ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૯ રન બનાવ્યાં છે. જો તે બીજી ટેસ્ટમાં ૧૦૨ રન બનાવી લે તો તેના ૬૧૧ રન થઈ જશે અને તે આ મેદાન પર ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર વિદેશી ખેલાડી બ્રાયન લારાનો રેકોર્ડ તોડી શકે છે. તેને મહાન સર વિવિયન રિચર્ડ્સનો ૫૫૨ રનનો રેકોર્ડ તોડવા માટે માત્ર ૪૪ રનની જરૂર છે. એડિલેડ ઓવલમાં ટેસ્ટ મેચોમાં સૌથી વધુ રન બનાવનાર વિદેશી ખેલાડીઓમાં બ્રાયન લારા (૬૧૦) પહેલા નંબરે, સર વિવિયન રિચર્ડ્સ (૫૫૨) બીજા નંબરે અને ભારતીય ખેલાડી વિરાટ કોહલી (૫૦૯) ત્રીજા નંબરે છે.

### આગની ઘટનામાં ૨૦૦ વાહનો સળગ્યા

## વારાણસીના કેન્ટ રેલવે સ્ટેશનના પાર્કિંગમાં આગ લાગવાની ઘટના

। (એજન્સી) વારાણસી, તા.૩૦ ।

ધાર્મિક નગરી તરીકે ઓળખાતા વારાણસીમાં આજે સવારે આગ લાગવાનો મામલો સામે આવ્યો છે. અહીંના કેન્ટ રેલવે સ્ટેશનના પાર્કિંગમાં વહેલી સવારે આગ ફાટી નીકળી હતી. પાર્કિંગ એરિયામાં લાગેલી આગને કારણે ૨૦૦થી વધુ વાહનો બળીને રાખ થઈ ગયા હતા. તેનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં બળી ગયેલા વાહનો જોઈ શકાય છે. જો કે આ ઘટનામાં કોઈના મોત કે ઘાયલ થયા હોવાની કોઈ માહિતી સામે આવી નથી. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે શોર્ટ સર્કિટના કારણે આ દુર્ઘટના બની છે. જાણવા મળ્યા મુજબ વારાણસીના કેન્ટ રેલવે સ્ટેશનના પાર્કિંગ વિસ્તારમાં શનિવારે વહેલી સવારે ભીષણ આગ



લાગી હતી. આગમાં ૨૦૦થી વધુ ટુ-વ્હીલર બળીને ખાખ થઈ ગયા હતા. અહેવાલો અનુસાર, જ્યારે પાર્કિંગ એરિયામાં આગ લાગી, ત્યારે માહિતી મળ્યા પછી, ફાયર બ્રિગેડ અને પોલીસ વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ભારે જહેમત બાદ આગ પર કોઈ રીતે કાબૂ મેળવી શકાયો હતો. આમ છતાં અહીં ૨૦૦થી વધુ વાહનો બળીને રાખ થઈ ગયા હતા. જેના કારણે ભારે નુકશાન થયું છે. જો કે કોઈ જાનહાનિ અંગે કોઈ માહિતી બહાર આવી નથી.

### આ મામલે યુવકે એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

## શેરબજારમાં રોકાણ કરાવી યુવક સાથે આશરે ચાર લાખની ઠગાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

શેરબજારમાં રોકાણ કરાવી વધુ નફાની લાલચ આપી યુવક સાથે ૪ લાખની ઠગાઈ આચરવામાં આવી છે. આ મામલે યુવકે એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સરદારનગરમાં ૩૭ વર્ષીય સંજય દયાલદાસ લાલવાણી પરિવાર સાથે રહે છે અને શેરમાર્કેટમાં પાંચ વર્ષથી રોકાણ કરે છે. ૧૭ સપ્ટેમ્બરે સંજયના મોબાઈલ પર એક વોટ્સએપ ગ્રુપની લિંક આવી હતી. તે ગ્રુપમાં જોડાતા જ તેમાં સ્ટોકમાર્કેટને લગતી ટીપ્સ આપવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારી ટીપ્સ માટે બીજા ગ્રુપની લિંક મોકલવામાં આવી હતી. જેમાં પણ સંજય જોડાઈ ગયો હતો. તે ગ્રુપનો એડમિન સુરેન્દ્રકુમાર દુબે હતો. તે જ જુદા જુદા સ્ટોકની ટીપ્સ આપતો હતો. પછી બીજી એક લિંક મોકલવામાં આવી હતી અને પ્રે ટ્રેડિંગ



કંપનીનો આઈપીઓ ભરવાથી વધુ નફો થશે તેમ કહવોમાં આવ્યું હતું. ઉપરાંત ગ્રુપમાં કંઈ તકલીફ હોય તો શ્રદ્ધા ચોપરાનો નંબર આપવામાં આવ્યો હતો. સંજયે ઓનલાઈન લિંક ખોલી વિગતો ભરી હતી. તેમાં એક ટીફની ટેયલરનો મોબાઈલ નંબર હતો તેમાં જે પૈસા ભર્યા હતા તેની પહોંચ મોકલવાની હતી. આ પહોંચ મોકલ્યા બાદ ડિમેટ એકાઉન્ટ રિચાર્જ કરવામાં આવતું હતું. જેથી ૮ ઓક્ટોબરે સંજયે ૫૦ હજાર ટ્રાન્સફર કર્યા હતા, ત્યારબાદ તબક્કાવાર ૪ લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.



નવી દિલ્હીમાં 'વિકસિત ભારત ૨૦૪૭-વિઝન ઓફ ન્યૂ ઈન્ડિયા ૩.૦' કોક્લેવ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને તેમની પત્ની દ્વારા દીપ પ્રચલિત કરવામાં આવ્યું હતું.

### મેચ ફિક્સિંગના આરોપો બાદ ધરપકડ

## સાઉથ આફ્રિકાના ત્રણ ખેલાડીઓની ધરપકડ થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન બોલર લોનવાબો સોત્સોબે સહિત ત્રણ દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓની ધરપકડ કરવામાં આવી છે. ત્રણેય પર મેચ ફિક્સિંગનો આરોપ છે. ત્રણેયને વર્ષ ૨૦૧૫-૧૬માં રમાયેલી રામસ્લેમ ટી-૨૦ મેચમાં ફિક્સિંગ માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે. સોત્સોબે ઉપરાંત થામી સોલેકિલે અને એથી મ્ભાગલતીની પોલીસે ધરપકડ કરી છે. ત્રણેય સામે ભ્રષ્ટાચારના અનેક ગંભીર આરોપો છે. ત્રણેય પર મેચ દરમિયાન હેરાફેરી કરવાનો અને લાંચ લેવાનો પણ આરોપ છે. દક્ષિણ આફ્રિકાના ત્રણ ભૂતપૂર્વ ખેલાડીઓની મેચ ફિક્સિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. આ ત્રણેય પર રેમ સ્લેમ ચેલેન્જ ટૂર્નામેન્ટ દરમિયાન હેરાફેરી અને ભ્રષ્ટાચારનો આરોપ છે. આ ત્રણેયને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૨૦૦૪ની કલમ ૧૫ હેઠળ પાંચ કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા છે. આ ત્રણ દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓ એ સાત ખેલાડીઓમાં સામેલ છે જેમને ક્રિકેટ બોર્ડે વર્ષ ૨૦૧૬-૧૭માં મેચ ફિક્સ કરવાના પ્રયાસોને કારણે પ્રતિબંધિત કર્યા હતા. ટૂર્નામેન્ટમાં મેચ ફિક્સિંગના આરોપમાં દોષી સાબિત થયા બાદ ગુલામ બોદી આ કેસમાં જેલમાં સમય વિતાવી ચૂક્યો છે. જીન સિમ્સ અને પુમી મતશીકવેને પણ તેમના આરોપો સાબિત થયા બાદ સજા ફટકારવામાં આવી હતી.

# તંત્રી લેખ...

## નવી ટેકનોલોજીઓ માત્ર એડવાન્સ સાયન્સ ફિક્શનનું ભાગ નથી

વિશ્વમાં આર્થિક વિકાસના દ્રષ્ટિકોણમાં વિસ્ફોટક પરિવર્તન જોઈ રહ્યા છીએ. આર્થિક વૈશ્વિકીકરણ અને તકનીકી પ્રગતિથી દુનિયા નવી દિશાઓમાં આગળ વધી રહી છે, અને તેમાં સૌથી મહત્વપૂર્ણ ક્રાંતિ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ટેકનોલોજી. આજના સમયમાં, આ નવી ટેકનોલોજીઓ માત્ર એડવાન્સ સાયન્સ ફિક્શનનું ભાગ નથી, પરંતુ વર્તમાન જમાનામાં સમગ્ર દુનિયાની આર્થિક અને સામાજિક ધારો બદલતી યાંત્રિક શક્તિ બની ગઈ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સઃ ક્રાંતિ કે પડકાર? આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એ એન્જિનિયરિંગ, મશીન લર્નિંગ, અને ન્યૂરલ નેટવર્કના સંકલનથી ઊભી થતી એવી ટેકનોલોજી છે, જે માનવીય મગજની જેમ વિચાર શકે છે, સુઝબૂઝ કરી શકે છે અને તર્ક કરી શકે છે. આઈએઆઈનો ઉપયોગ મેડિકલ, ફિનાન્સ, મેન્યુફેક્ચરિંગ, એજ્યુકેશન, મનોરંજન, લૉજીસ્ટિક્સ અને એગ્રિબિઝનેસ જેવા ક્ષેત્રોમાં થઈ રહ્યો છે. AI ના સૌથી મોટાં ફાયદા એ છે કે તે માનવ મિષ્અયો, ખોટી જાણી અને સમયની બરાબરીને દૂર કરવા માટે કાર્યક્ષમતાઓનો વિકાસ કરે છે. જેમ કે, મેડિકલ ક્ષેત્રમાં એઆઈ નિદાન (diagnosis) અને સારવારની શાંતિ માટે ઉપયોગી થઈ રહ્યું છે. ઉદાહરણ તરીકે, રોબોટિક સર્ક્યૂરી ટેકનોલોજી આજે મેડિકલ ક્ષેત્રના મુખ્ય હિસ્સે બની ગઈ છે. ટેકનોલોજીનો આધુનિક યુગ, આજના સમયમાં, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, વિશ્વભરમાં યાંત્રિક અને નવું કંપ્યુટિંગ સેટિંગ લાવી રહ્યો છે. ક્લાઉડ કમ્પ્યૂટિંગ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT), બ્લોકચેન અને ડેટા સાયન્સ જેવી નવી ટેકનોલોજી ટેકનોલોજીકલ બ્રેકથ્રૂઝ તરફ દોરી રહી છે. ક્લાઉડ કમ્પ્યૂટિંગ પર આધારીત સેવા (SaaS, PaaS, IaaS) એ હવે બિઝનેસ માટે મહત્વપૂર્ણ બની ગઈ છે. આ બિઝનેસને તેમનાં ડેટાને સ્ટોર અને સંચાલિત કરવાની લવચીકતા અને સસ્તી રીત પૂરી પાડે છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) દ્વારા યંત્રો અને ડિવાઈસેસને ઈન્ટરનેટથી જોડવું હવે સામાન્ય વાત બની ગઈ છે. IoT દ્વારા ઘરે કે ઓફિસમાં સ્માર્ટ ગેજેટ્સ (હોટલ્સ, કાર, બિનમુલ્ય સુરક્ષા સિસ્ટમ, વગેરે) કાર્ય કરે છે. ૩. નવી નોકરીઓ અને શ્રમ બજાર, AI અને ટેકનોલોજી માત્ર મેન્યુઅલ લેબર (મજૂરી) પર આધાર રાખતી આર્થિક રીતને બદલે ઉચ્ચ ગુણવત્તાવાળી તકનીકી કુશળતાઓ પર આધારિત તંત્ર તૈયાર કરી રહ્યા છે. આ કારણે, ડેટા સાયન્ટિસ્ટ, મશીન લર્નિંગ એન્જિનિયર, એઆઈ સ્પેશ્યલિસ્ટ, ડિજિટલ માર્કેટિંગ, સાઈબર સિક્યોરિટી એન્ટિપેનલિસ્ટ જેવા નવી નોકરીઓનો જન્મ થઈ રહ્યો છે.

## રાજકારણ અને વ્યવસાયની દુનિયામાં હૃદયપરિવર્તનઃ ટ્રમ્પ અને માર્ક ઝકરબર્ગની વલણમાં ફેરફાર

રાજકારણમાં કોઈ કાયમી દુશ્મન નથી હોતું એવું કહેવાય છે અને ડોનાલ્ડ ટ્રમ્પ તથા માર્ક ઝકરબર્ગના કિસ્સામાં આ વાત સાચી પડી છે. અમેરિકાના પ્રમુખની ચૂંટણી વખતે ડોનાલ્ડ ટ્રમ્પે ફેસબુકના સીઈઓ માર્ક ઝકરબર્ગને જેલમાં મોકલવાની ધમકી આપી હતી, પણ અમેરિકાના પ્રમુખપદે ચૂંટાતાં જ ડોનાલ્ડ ટ્રમ્પનું હૃદયપરિવર્તન થઈ ગયું. ટ્રમ્પે માર્ક ઝકરબર્ગને નોતરું આપીને ફ્લોરિડામાં તેમના હોમ કમ રિસોર્ટ માર-એ-લાગોમાં બોલાવ્યા અને બંનેએ સાથે મળીને ડિનર પણ લીધું. જોકે હૃદયપરિવર્તન માત્ર ડોનાલ્ડ ટ્રમ્પનું નથી થયું, પણ માર્ક ઝકરબર્ગનું પણ થયું છે. ઝકરબર્ગ ૨૦૨૪ની ચૂંટણીમાં બહુ સક્રિય નહોતો, પણ ૨૦૨૦ની ચૂંટણીમાં ટ્રમ્પને હરાવવામાં પૂરી તાકાત લગાવી દીધી હતી. હવે ઝકરબર્ગે પણ ટ્રમ્પ સાથે હાથ મિલાવી લેવામાં શાણપણ સમજ્યું છે. ટ્રમ્પની બીજી ઈનિંગ માટે વ્હાઈટ હાઉસમાં ડેપ્યુટી ચીફ ઑફ સ્ટાફ તરીકે નિયુક્ત સ્ટીફન મિલરે આપેલી માહિતી પ્રમાણે, ટ્રમ્પ સાથે ખરાબ સંબંધો બાદ ઝકરબર્ગ તેમની કંપનીની ઈમેજ બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ઝકરબર્ગ અન્ય ઉદ્યોગપતિઓની જેમ ટ્રમ્પની આર્થિક યોજનાઓને સમર્થન આપવા માગે છે. મિલરના કહેવા પ્રમાણે, માર્ક ઝકરબર્ગના પોતાના રસ છે અને તેની પોતાની કંપની છે, તેનો પોતાનો એજન્ડા છે, પણ ઝકરબર્ગે સ્પષ્ટ કર્યું છે કે પોતે ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકાના રાષ્ટ્રીય વિકાસને સમર્થન આપવા માગે છે. ઝકરબર્ગે આ મુદ્દે કશું કહ્યું નથી, પણ ઝકરબર્ગની કંપની મેટાએ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો છે અને હવે પછીનો તબક્કો અમેરિકન ઈનોવેશન માટે મહત્ત્વનો હોવાનું કહીને ટ્રમ્પને આડકતરી રીતે ટેકો આપી દીધો છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝકરબર્ગના સંબંધો અચાનક મધુરા બની ગયા તેના કારણે સૌ આશ્ર્ચર્યચકિત છે કેમ કે બંને વચ્ચે છેલ્લા એક દાયકાથી કૉલ્ડ વૉર ચાલે છે. ૨૦૧૬માં ડોનાલ્ડ ટ્રમ્પ પહેલી વાર અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે ફેસબુકે ટ્રમ્પને હરાવવા બહુ ધમપછાડા કરેલા, પણ ટ્રમ્પ જીતી ગયેલા. ટ્રમ્પે એ પછી ફેસબુકને પતાવી દેવા બહુ મથામણ કરી, પણ ફાવ્યા નહોતા. ઝકરબર્ગે ૨૦૨૦ની ચૂંટણીમાં બિડેનતરફી વલણ લેતાં ડોનાલ્ડ ટ્રમ્પ અને માર્ક ઝકરબર્ગ વચ્ચેની દુશ્મનાવટ ઘેરી બની હતી. ઝકરબર્ગે ૨૦૨૦ની અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પને હરાવવામાં મદદ કરેલી તેથી ટ્રમ્પને તેના તરફ ખાર થઈ ગયો. ટ્રમ્પે બિડેન સામે હારી ગયા પછી આક્ષેપ કરેલો કે, ઝકરબર્ગે પોતાને હરાવવાની સોપારી લીધી હતી. ઝકરબર્ગને સોશિયલ મીડિયા પર ટક્કર આપવા ટ્રમ્પે પોતાનું સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ ટ્રૂથ શરૂ કરેલું, પણ એ ચાલ્યું નથી. ૨૦૨૪ની ચૂંટણી પહેલાં ઝકરબર્ગના સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મને ખાળવા માટે ટ્રમ્પે એલન મસ્ક સાથે હાથ મિલાવી લીધા હતા. ટ્રમ્પે જ મસ્કને ટ્વિટર ખરીદવા પ્રોત્સાહિત કર્યો અને મસ્કે ટ્રમ્પની મદદથી ટ્વિટર હસ્તગત કર્યું પછી ફેસબુકને પતાવવા માટે બંને પૂરી તાકાતથી મચી પડ્યા પણ હતા. મસ્કે ટ્રમ્પની ચૂંટણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે ને મસ્ક ટ્રમ્પની સરકારમાં સાવ નવા બનાવેલા વિભાગનો વડો બનવાનો છે તેના પરથી જ બંનેના ગાઢ સંબંધો સ્પષ્ટ થઈ જાય છે. ઝકરબર્ગ અને ટ્રમ્પની દુશ્મનાવટ ૨૦૨૦ની અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી પછી પણ ચાલુ રહી હતી. જાન્યુઆરી ૨૦૨૧માં યુએસની સંસદ એટલે કે કૅપિટોલમાં ટ્રમ્પના સમર્થકો દ્વારા આચરાયેલી હિંસા પછી માર્ક ઝકરબર્ગે ટ્રમ્પના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. બે વર્ષ બાદ ૨૦૨૩માં આ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો, પણ એ પહેલાં ટ્રમ્પ અને ઝકરબર્ગ વચ્ચેના સંબંધો બગડી ચૂક્યા હતા. ૨૦૨૪માં ઝકરબર્ગે ચૂંટણી પહેલાં ટ્રમ્પને સમર્થન આપ્યું ન હતું. ઝકરબર્ગે ૨૦૨૪ની ચૂંટણી દરમિયાન કોઈ ઉમેદવારનું ખુલ્લેઆમ સમર્થન કર્યું નહોતું.

**અમુક એંગલોથી જોઇએ તો દેશની યુવાનીને આ બધું ગેરમાર્ગે કે દોરી રહ્યું છે, કારણકે ક્રિકેટ એ આજકાલના યુવાનોનો સૌથી પ્રિય ખેલ છે**

# આઈપીએલ માટેની ઓક્શનમાં ધૂમ રૂપિયાનો વરસાદ વરસ્યો! પણ શું આ યોગ્ય છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**લોકોની આજકાલની લાઈફ સ્ટાઈલ પણ અત્યંત ખર્ચાળ થઈ ગઈ હોવાથી, દરેકને ગમે તેમ કરીને રૂપિયા કમાવા છે, એ પણ હકીકત છે! એમાં ખેલાડીઓને જો આટલા રૂપિયા મળતા હોય તો ભણવાનું એક બાજુ મૂકીને કેટલા યુવાનોએ ક્રિકેટને પોતાની કેરિયર બનાવી હશે! દરેક યુવાન તો ક્રિકેટર બની શકે નહીં! એટલે કેટલાયનું જીવન બરબાદ થયું હશે!'**

તા૧૪/૩ થી શરૂ થઈને ૩૧/૫ એ પૂરી થતી ૨૦૨૫ ની આઈપીએલ મેચ માટેની ટીમનું ઓક્શન એટલે કે લિલામી બે દિવસને અંતે પૂરી થઈ. આ વખતે મેગા ઓક્શન હતું અને એ પણ સાઉદી અરેબિયાના જેદ્દાહ માં. મેગા ઓક્શનમાં ખેલાડીઓની અદલાબદલી કરવામાં આવે છે, અને અમુક ખેલાડીઓ જે ટીમમાંથી રમતા હોય એને અન્ય ટીમમાંથી રમવાનું થશે! જેથી ખેલ રોમાંચક બને. ૧૦ ટીમ એ રૂપિયાનો વરસાદ વરસાવ્યો હોય એ રીતે ખેલાડીઓ પર રૂપિયા લગાવ્યા! આ ઓક્શનમાં રિષભ પંત સૌથી વધુ એટલે કે ૨૭ કરોડમાં ખરીદાયો.જયારે બિહાર નો વૈભવ સૂર્યવંશી માત્ર ૧૩ વર્ષનો સૌથી નાનો ખેલાડી છે, જેને રાજસ્થાન રોયલ્સ એ ૧.૧૦ કરોડમાં ખરીદ્યો. કોઈ ટીમ એ ૨૫ ખેલાડી સાથે પોતાની ટીમ પૂર્ણ કરી તો કોઈએ ૨૨ કે ૨૪ થી પૂર્ણ કરી, આમ ૧૮૨ ખેલાડીની આ ઓક્શનમાં લિલામી થઈ. લગભગ બધા ખેલાડીની કિંમત સારા એવા રૂપિયાની બોલી થતી હતી! આમ તો આપણે પ્રોપર્ટી માટે ક્યારેક કોઈ પિક્ચરના સીન તરીકે આવી લિલામી જોઈ હોય! જેમાં ઊંચી બોલી લગાવીને પાછા ખસી જવું! જેથી છેલ્લે બોલી લગાવનારને તગડા રૂપિયા ચૂકવવા પડે! બિલકુલ એ જ નજારો અહીં પણ જોવા મળ્યો. કુલ ૧૦ ટીમ એ ૬૩૯.૧૫ કરોડ રૂપિયાનો વરસાદ વરસાવ્યો! જેમાં ૧૮૨ માંથી ૬૦ ખેલાડી વિદેશી છે. ખેર આઈપીએલ તો રમતને નામે રમાતો એક સટ્ટો જ છે, જેમાં રમત પહેલાં ખેલાડી કેવું રમશે એ ધારી લેવામાં આવે છે! અને મોટેભાગે ખેલાડીઓ અન્ય મેચ કરતાં આઈપીએલમાં રમે પણ છે, એટલે આવતી વખતે ઊંચી બોલી લાગે! આમપણ દિવસેને દિવસે ક્રિકેટરો કોઈને કોઈ કાંડમાં સંડોવાયેલા હોવાથી એની ચર્ચા જોતાં એવું લાગે કે ક્રિકેટ એ હવે માત્ર ખેલ નથી રહ્યો! દસ ટીમના ખેલાડીઓ જોઈએ તો! ગુજરાત ટાઈટન્સની ટીમમાં શુભમન ગિલ, રાશિદ ખાન, સાઈ સુદર્શન, રાહુલ તેવટિયા, શાહરૂખ ખાન, જોસ બટલર, મોહમ્મદ સિરાજ, કાગીસો રબાડા, પ્રસિદ્ધ ક્રિષ્ના, વોશિંગ્ટન સુંદર, શેરફેન રધરફોર્ડ, ગેરાલ્ડ કોએત્ઝી, આર સાઈ કિશોર, મહિપાલ લોમરોર, ગુરનૂર સિંહ બ્રાર, અરહાદ ખાન , ઈશાંત શર્મા, કુમાર કુશાગ્ર, માનવ સુથાર, અનુજ રાવત, માનવ સિંધુ, જયંત યાદવ, ગ્લેન ફિલિપ્સ, કરીમ જનાત, કુલવંત ખેજુરાલિયા, આમ ૨૫ ખેલાડી છે. ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ જોઈએ તો,એમએસ ધોની, રવીન્દ્ર જાડેજા, શિવમ દુબે, મથિશ પથિરાના, રુતુરાજ ગાયકવાડ, નૂર અહેમદ, રવિચંદ્રન અશ્વિન, ડેવોન કોનવે, સૈયદ ખલીલ અહેમદ, રચિન રવિન્દ્ર, અંશુલ ખમ્બોજ, રાહુલ ત્રિપાઠી, સેમ કરન, ગુર્જપાનીત સિંહ, નાથન ઈલિસ, દીપક હુડા, ઓવરટોન, વિજય શંકર, વંશ બેદી, આન્દ્રે સિદ્ધાર્થ, શ્રેયસ ગોપાલ, રામકૃષ્ણ ઘોષ, કમલેશ નાગરકોટી, મુકેશ ચૌધરી, શેખ રશીદ. ચેન્નાઈ સુપર કિંગ્સ એ પણ ૨૫ ખેલાડી છે. રાજસ્થાનની ટીમ જોઈએ તો સંજુ સેમસન, યશસ્વી જયસ્વાલ, રિયન પરાગ, ધ્રુવ જુરેલ, શિમરોન હેટમાયર, સંદીપ શર્મા, જોફ્રા આર્ચર, મહેશ, વાનિન્દુ હસરાંગા, આકાશ મધવાલ, કુમાર કાર્તિકેય, નીતીશ રાણા, તુષાર દેશપાંડે, શુભમ દુબે, યુધ્ધવીર સુર્યા, સુર્યવાન, સુર્યસિંહ, કુમાર કાર્તિકેય, ક્વેના મફાકા. રાજસ્થાન એ ૧૯ ખેલાડી છે. પંજાબ કિંગસની ટીમમાં શશાંક સિંઘ, પ્રભસિમરન સિંહ, અર્શદીપ સિંહ, શ્રેયસ અય્યર, યુઝવેન્દ્ર ચહલ, માર્કસ સ્ટોઈનિસ, ગ્લેન મેક્સવેલ, નેહલ વાઢેરા, હરપ્રીત બ્રાર, વિષ્ણુ વિનોદ, વિજયકુમાર વિશાક, યશ ઠાકુર, માર્કો યાનસન, જોશ ઈંગ્લિસ, લોકી ફર્ગ્યુસન, અજમતુલ્લાહ ,કુલદીપ સેન, પ્રિયાંશ આર્ય, એરોન હાર્ડી, મુશીર ખાન, સૂર્યાંશ શેડગે, ઝેવિયર બાર્ટલેટ, પાઈલા અવિનાશ, પ્રવીણ દુબે. પંજાબ કિંગ્સ એ ૨૪ ખેલાડી છે. કોલકત્તા નાઈટ રાઈડર્સ માં જોઈએ તો, રિંકુ સિંહ, વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ, આન્દ્રે રસેલ, હર્ષિત રાણા, રમણદીપ સિંહ, વેંકટેશ ઐયર, ક્વિન્ટન ડી કોક, રહેમાનુલ્લા ગુરબાઝ, એનરિક નોરખિયા, અંગક્રિશ રઘુવંશી, વૈભવ અરોરા, મયંક માર્કંડે, રોવમેન પોવેલ, મનીષ પાંડે, સ્પેન્સન જોનસન, લવનીથ સિસોદિયા, અજિંક્ય રહાણે, અનુકુલ રોય, મોઈન અલી, ઉમરાન મલિક. આમ ૨૨ ખેલાડી છે. દિલ્હી ડેરડેવિલ્સમાં અક્ષર પટેલ, કુલદીપ યાદવ, ટ્રિસ્ટન સ્ટબ્સ, અભિષેક પોરેલ, કેએલ રાહુલ, ફાફ ડુ પ્લેસિસ, જેક ફ્રેઝર-મેકગર્ક, મિશેલ સ્ટાર્ક, હેરી બ્રુક, ટી નટરાજન, મુકેશ કુમાર, મોહિત શર્મા, સમીર રિઝવી, આશુતોષ શર્મા, કરુણ નાયર, દર્શન નલકાંડે, વિપરાજ નિગમ, દુશમંથા ચમીરા , ડોનોવન ફરેરા, અજય મંડલ, મનવંત કુમાર, ત્રિપુરાણા વિજય, માધવ તિવારી,એમ ૨૪ ખેલાડી છે. રોયલ ચેલેન્જર બેંગ્લોરની ટીમમાં વિરાટ કોહલી, જોશ હેઝલવુડ, ફિલ સોલ્ટ, રજત પાટીદાર, જીતેશ શર્મા, ભુવનેશ્વર કુમાર, લિયામ લિવિંગસ્ટોન, રસિક સલામ, કૃણાલ પંડ્યા, યશ દયાલ, ટિમ ડેવિડ, સુયશ, શર્મા, જેકબ બેથેલ, દેવદત્ત પડિકલ, નુવન તુષારા, રોમારિયો શેફર્ડ, લુંગી એનગિડી, સ્વપ્રિલ સિંહ, અભિનંદન સિંહ, સ્વસ્તિક ચિકારા, મોહિત રાઠી, મનોજ ભાંડગે એમ ૨૨ ખેલાડી છે. સનરાઈઝ હૈદરાબાદમાં પેટ કમિન્સ, અભિષેક શર્મા, નીતીશ રેડ્ડી, હેનરિક ક્લાસેન, ટ્રેવિસ હેડ, મોહમ્મદ શમી, હર્ષલ પટેલ, ઈશાન કિશન, રાહુલ ચહર, એડમ ઝમ્પા, અથર્વ તાઈડે, અભિનવ મનોહર, સિમરજીત સિંહ, ઝીશાન અંસારી, જયદેવ ઉનડકટ, બ્રેડન કાર્સ, કામિન્દુ મેન્ડીસ , અનિકેત વર્મા, ઈશાન મલિંગા, સચિન બેબી કાવ્યામારનની, ૨૨ ખેલાડી છે. મુંબઈ ઈન્ડિયન્સની ટીમમાં હાર્દિક પંડ્યા, રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, જસપ્રિત બુમરાહ, તિલક વર્મા, ટ્રેન્ટ બોલ્ટ, નમન ધીર, રોબિન મિન્ઝ, કર્ણ શર્મા, દીપક ચહર, રિસ ટોપ્લે, રિયાન રિકલ્ટન, વિલ જેક્સ, અલ્લાહ ગઝનફર, મિશેલ સેન્ટનર, કર્ણ શર્મા, સત્યનારાયણ રાજકુમાર , રાજ બાવા, અશ્વિની કુમાર, કૃષ્ણન સૃજીત, બેવોન જેકબ્સ, અર્જુન તેંડુલકર, લિઝાદ વિલિયમ્સ, આમ ૨૪ ખેલાડી છે. લખનૌમાં જોઈએ તો રિષભ પંત, નિકોલસ પૂરન, રવિ બિશ્નોઈ, મયંક યાદવ, મોહસીન ખાન, આયુષ બદોની,ડેવિડ મિલર, એડન માર્કરામ, મિશેલ માર્શ, અવેશ ખાન, અબ્દુલ સમદ, આર્યન જુયાલ, આકાશ દીપ, હિંમત સિંહ, એમ સિદ્ધાર્થ, દિગ્વેશ સિંહ, શાહબાઝ અહેમદ, આકાશ સિંહ, શમર જોસેફ, પ્રિન્સ યાદવ, યુવરાજ ચૌધરી, રાજવર્ધન હંગરગેકર, અર્શીન કુલકર્ણી, મેથ્યુ બ્રેટ્ઝકે, ૨૪ ખેલાડી છે. અમુક એંગલોથી જોઈએ તો દેશની યુવાનીને આ બધું ગેરમાર્ગે કે દોરી રહ્યું છે, કારણકે ક્રિકેટ એ આજકાલના યુવાનોનો સૌથી પ્રિય ખેલ છે. ઉપરથી ક્રિકેટરો કેટલીય બ્રાન્ડની જાહેરાત કરીને રુપિયા કમાય છે, અને યુવાનોનાં રોલ મોડેલ બને છે. એમાં આઈપીએલ લગભગ પરીક્ષાના સમયે જ રમાય છે! લોકોની આજકાલની લાઈફ સ્ટાઈલ પણ અત્યંત ખર્ચાળ થઈ ગઈ હોવાથી, દરેકને ગમે તેમ કરીને રૂપિયા કમાવા છે, એ પણ હકીકત છે! એમાં ખેલાડીઓને જો આટલા રૂપિયા મળતા હોય તો ભણવાનું એક બાજુ મૂકીને કેટલા યુવાનોએ ક્રિકેટને પોતાની કેરિયર બનાવી હશે! દરેક યુવાન તો ક્રિકેટર બની શકે નહીં! એટલે કેટલાયનું જીવન બરબાદ થયું હશે!' દરેક સિસ્ટમમાં જે રીતે ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે, એ જોતા ખેલાડીની પસંદગીમાં પણ જો એવું થાય તો, કેટલાય યુવાનો નાસીપાસ થયા હશે, આત્મહત્યા કરી હશે, કે વ્યસનનો સહારો લીધો હશે! પણ આવું બધું કોણ વિચારશે? દેશની યુવાનીને ગુમરાહ થતી બચાવવી હોય તો કંઈક તો કરવું જ પડશે!: જેમ કે શું આ યોગ્ય છે? આટલાં રુપિયા આવ્યાં ક્યાંથી! અને સાચાં આર્થિક વિકાસમાં કેમ ન વાપર્યાં? આ બધું વિચારવા યોગ્ય ખરું! જય હિન્દ.

**મનુષ્ય પરસ્પર એક બીજા પર પ્રેમ રાખે, એકબીજાને દેવ સમજે, તો કળિ યુગનો સતયુગ થઈ જાય! પૂતનાને જોઈ ભગવાને આંખો કેમ બંધ કરી?**

# પરમાત્મા કહે છે કે હું કોઇને જલદી અપનાવતો નથી અને અપનાવ્યા પછી છોડતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જીવની પાસે મૂડીમાં છે શું? નથી વિદ્યા,નથી બળ, પણ પ્રભુની કૃપા એને માથે વરસાવવા તૈયાર છે, એ કૃપાના સહારે રહેતો એ તરી જાય, પ્રભુ તો પરમ દયાળુ છે, એમણે તો કહેલું જ છે કે, મારે શરણે આવે તેના કરોડો જન્મનાં પાપ પણ હું નાશ કરી દઉં છું, ગીતામાં ભગવાન કહે છે કે, જે મારે શરણે આવ્યો, મારો ભક્ત થયો તેનો કદી વિનાશ થતો નથી, તેનો વિનાશ કરવાની કોઇની તાકાત નથી.**

આજે કારતક વદ અમાસ રવિવારે ભગવદ્ગીતા જ્ઞાનમાં જોઈએ તો દર્શનમાં આનંદ ત્યારે આવે છે, જ્યારે ભગવાન આંખ આપે છે. પૂતના જેવું મલિન હૃદય લઈ દર્શન કરવા જનારને ભગવાન પૂછે છે કે, હું તને આંખ આપતો નથી. હું આંખો બંધ કરું છું! જેના મનમાં પાપ ભર્યું છે એની સામે હું જોતો નથી.ભગવાન તો અંતર્યામી છે. એ કપડાંને જોતા નથી. કાળજાને જુએ છે. ભગવાનને એટલું જ કહેવાની જરૂર છે કે,નાથ,હું તમારો છું. તમારે શરણે આવ્યો છું. મને ભવસાગર ઉતારો!હું ખરેખર કુટીલ, ખલ અને કામી છું. જેણે મનુષ્ય જન્મ દીધો તે ભગવાનને ભૂલી ગયો. એવો હું નિમક હરામી છું, છતાં તમે દયાળુ છો. તમારી દયા યાચું છું. જીવની પાસે મૂડીમાં છે શું? નથી વિદ્યા, નથી બળ.પણ પ્રભુની કૃપા એને માથે વરસાવવા તૈયાર છે. એ કૃપાના સહારે રહેતો એ તરી જાય. પ્રભુ તો પરમ દયાળુ છે. એમણે તો કહેલું જ છે કે, મારે શરણે આવે તેના કરોડો જન્મનાં પાપ પણ હું નાશ કરી દઉં છું. ગીતામાં ભગવાન કહે છે કે, જે મારે શરણે આવ્યો, મારો ભક્ત થયો તેનો કદી વિનાશ થતો નથી. તેનો વિનાશ કરવાની કોઈની તાકાત નથી. પ્રભુની સામે થઈને જીતે એવું કોણ છે?એટલે પ્રભુ ભક્તનો વિનાશ કરવાની કોઈની દેન નથી.ભક્તમાં શુદ્ધ પ્રેમ છે, તેથી એ ભગવાનને વશ રાખે છે. ભગવાન એને વશ વર્તે છે.મનુષ્ય પરસ્પર એક બીજા પર પ્રેમ રાખે, એકબીજાને દેવ સમજે,તો કળિ યુગનો સતયુગ થઈ જાય! પૂતનાને જોઈ ભગવાને આંખો કેમ બંધ કરી?એનાં કારણોમાં મહાત્માઓ કહે છે કે પૂતના સ્ત્રી છે,અબળા છે, તેથી અવધ્ય છે. પણ એને માર્યા વગર છૂટકો નથી એટલે આંખ બંધ કરી છે.આ સ્ત્રીને મારવામાં શું બહાદુરી? આ સ્ત્રીને મારવી પડશે એમ વિચારી સંકોચ થી ભગવાને નેત્ર બંધ કર્યાં છે. બીજા મહાત્મા કહે છે કે,ના, એ કારણ નથી. પૂતના સ્ત્રી છે, પણ રાક્ષસી છે. અનેક બાળકો મારીને આવી છે એટલે તેને મારવામાં સંકોચ રાખવાની જરૂર નથી. આંખ બંધ કરવાનું કારણ તો બીજું છે. ભગવાનની આંખમાં જ્ઞાન વૈરાગ્ય છે.પ્રભુએ વિચાર કર્યોકે,હું પૂતના ને આંખ આપું તો એને જ્ઞાન થઈ જશેકે,હું ઈશ્વર છું. તેથી તેઓ મને ધવડાવશે નહીં અને મારે જે લીલા કરવી છે તે થશે નહીં, તેથી તેઓ આંખ બંધ કરે છે.આ દલીલ પણ જોર દાર છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે, જેના પર હું કૃપા કરું છું, નજર કરું છું તેને મારા સ્વરૂપનું જ્ઞાન થાય છે.ભગવાન જેની સામે જુએ એને બધે ભગવાન જ ભગવાન દેખાય ને! એકલા પૂતના સામે જુએ તો પૂતના ને જ્ઞાન થઈ જાય છે કે,આ તો કાળનોય કાળ છે. એટલે સામાન્ય બાળક સમજી એ એને મારવા આવી છે એ વાત રહે નહીં,તો પછી લીલા થાય કેવી રીતે ત્રીજા મહાત્મા કહે છે કે, ના, ના,આ કારણ મને સાચું લાગતું નથી. પૂતનાને આંખ આપે એટલે તેને જ્ઞાન થાય એ સાચું નથી. દુર્યોધનને ક્યાં જ્ઞાન થયું હતું પણ પૂતના ઝેર દેવા આવી છે, ત્યારે લાલાએ વિચાર કર્યો કે,આને વૈકુંઠમાં લઈ જાઉં કે ગોલોકમાં? પૂતનાને કઈ ગતિ આપવી તે વિચારવા ભગવાને આંખ બંધ કરી છે.તો વળી એક મહાત્મા કહે છે કે, કોઈ પુણ્ય વગર ઈશ્વર પાસે કે પૂર્વજન્મમાં શું પુણ્ય કર્યું છે તે શ્રીકૃષ્ણે આંખ બંધ કરી છે જેની સાથે બહુ પ્રેમ કરો છો. મનુષ્ય કોઈ સાધારણ કારણથી અતિ વેર કરશે.તો વળી એક મહાત્મા કહે છે,ના,એ પણ કારણ નથી. કનૈયો વિચારે છે કે, મેં તો માનેલું ગોકુળમાં લોકો મને માખણ મીસરી ખવડાવશે પણ અહીં માખણ-મીસરી કોઈ આપતું નથી અને ઊલટી આ ઝેર આપવા આવી છે. આ બીકથી લાલાએ આંખ બંધ કરી છે.વળી એક મહાત્મા કહે છે, પરમાત્માને કાંઈ બીક લાગતી હશે? એ તો કનૈયો આંખ બંધ કરી શંકરનું ધ્યાન ધરે છે અને કહે છે કે, તમને ઝેર પીવાની આદત છે તો આવો, તમે આ ઝેર પીઓ, હું દૂધ પીશ!વળી મહાત્માઓ કહે છે કે, મને આ કારણ યોગ્ય લાગતું નથી. શ્રીકૃષ્ણ શું ઝેર પી ન શકે? એ તો કાળના પણ કાળ છે, પણ આંખો બંધ કરવાનું કારણ બીજું છે. શ્રી કૃષ્ણની આંખમાં સૂર્ય-ચંદ્ર છે. શ્રીકૃષ્ણ પૂતનાને મારી મોક્ષ ગતિ આપવાના છે તે સૂર્ય-ચંદ્રને ઠીક ન લાગ્યું,તેથી આંખો બંધ થઈ. વળી એક મહાત્મા કહે છે કે, મને આંખો બંધ કરવાનું કારણ જુદું લાગે છે. ભગવાન વિચારે છે કે, આ ઝેર આપનારીને હું મુક્તિ આપું છું તો આ ગોપ-ગોપીઓ જે પ્રેમથી મને માખણ-મીસરી આપેછે,તેમને કઈ ગતિ આપીશ? એના વિચારમાં પ્રભુએ આંખ બંધ કરી છે. મહાત્માઓ દસમ સ્કંધમાં પાગલ થયા છે. જીવ ગોસ્વામી રાજાના દિવાન હતા. તે શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ થયા છે. સનાતન ગોસ્વામી બંગાળના મોટા જમીનદાર હતા દશમ સ્કંધ નો પાઠ એક વખત સાંભળ્યો કે, શ્રી કૃષ્ણપ્રેમ માં પાગલ થયા! સર્વસ્વનું દાન કરી દીધું અને તાડપત્રીની લંગોટી બાંધી લીલા નિકુંજમાં રાધે શ્રી કૃષ્ણ રાધે શ્રી કૃષ્ણ,રાધે શ્રીકૃષ્ણ કરતા નીકળી પડયા. રામાયણની શૂર્પણખા અને ભાગવતની પૂતના એક જ છે. શૂર્પણખા પણ વાસના છે.કનૈયો હજુ છ દિવસનો થયો હજુ રાધા જી આવ્યા નથી.રામ જન્મમાં તો સીતાજી સાથે હતાં,તેથી સીતાજી ઉપર નજર રાખી શૂર્પણખાને જવાબ આપ્યો હતો, પણ આ જન્મમાં હજુ રાધાજી તો આવ્યાં નથી એટલે કોના ઉપર નજર રાખું ? પૂતના આંખમાંથી અંદર આવે છે. સંસારના સુંદર વિષયો જોઈ આંખ તેની પાછળ દોડે છે. જાણે છે કે આ મારું નથી,મને મળવાનું નથી, છતાં પાપ કરે છે. પૂતનાએ યશોદાને કહ્યું કે, હું તમારા બાળકને ધવડાવું તો પુષ્ટ થશે. યશોદાએ પારણામાંથી બાલ કૃષ્ણને ઊઠાવી પૂતનાની ગોદમાં આપ્યો માસીબા ખૂબ લાડ કરે છે, પણ કનૈયો જાણે છે કે, આ લાડ કરવા નથી આવી પણ મારવા લાગી છે. પૂતના યશોદાને કહે છે, મા, તમારે ઘરનું કામ હોય તો જાઓ!હું લાલાને સંભાળીશ! યશોદા ઘરનું કામ કરવા જાય છે ત્યારે પૂતના કપટથી બાલકૃષ્ણને ધવડાવવા લાગે છે, પણ ભગવાન તો એના પ્રાણને ચૂસવા લાગે છે. ત્યારે પૂતના વ્યાકુળ થઈ બૂમાબૂમ કરી મૂકે છે કે મને છોડ! પણ ભગવાન જેને પકડે તેને કોણ છોડાવીશકે? ભગવાન કહે છે કે,મને પકડતાં જ આવડે છે. છોડવાનું મને માએ શીખવ્યું નથી. અર્થાત્ હું કોઇને જલદી અપનાવતો નથી અને અપનાવ્યા પછી છોડતો નથી. પૂતના, તને હું આજે છોડીશ નહીં, તારો ઉદ્ધાર કરીશ. આમ ભગવાન નાં મારમાં પણ પ્યાર છે. પરમ આશ્ચર્ય થયું છે! મને છોડ, મને છોડ! એમ બે વખત પૂતના બોલી છે.જાણે કહેતી ન હોયકે આલોક કે પરલોકમાંથી છોડાવી કનૈયા, તારા ધામમાં, ગોલોકમાં મને લઈ જા અથવા અહંતા- મમતામાંથી મને છોડાવી મને કૃતાર્થ કર! પૂતનાએ વ્યાકુળ થઈ રાક્ષસી રૂપ ધારણ કર્યું છે.એ આકાશમાર્ગે શ્રીકૃષ્ણને લઈ જતી હતી ત્યારે શ્રીકૃષ્ણે એને કંસના બગીચાના એક વૃક્ષ ઉપર પાડી. કંસનો એ બગીચો ગોકુળ પાસે છે.પૂતના પડ્યા પછી ધડાકો થાય છે. રાક્ષસીના વક્ષઃસ્થળ ઉપર બાલ કૃષ્ણ વિરાજ્યા છે.ગોપીઓ દોડતી આવી.યશોદાને ઠપકો આપ્યો કે,અમે અનેક બાધાઓ રાખી ત્યારે તારે ત્યાં છે.મને બાળકની લાલન પાલનની ખબર નથી. હવે તમે કહેશો તેમ કરીશ. ગોપીઓ કહે છે કે,થયો અને તને કદર નથી. કોઈ પારકી સ્ત્રીને તમારે બાળક સોંપવું નહીં! આજે પારકી સ્ત્રીની નજર લાગી છે તે ઉતારવી પડશે. લાલાને ગાયો વહાલી છે.તેમાં યે ગંગી ગાય બહુ જ વહાલી. લાલા ની ઝાંખી ન થાય ત્યાં સુધી ગંગી ગાય પાણી પીતી નથી, ઘાસ પણ ખાતી નથી.ગોવાળો કહે,મા, લાલાને ગૌશાળામાં લઈ આવો લાલાને ગૌશાળામાં લઈ આવે, ત્યારે લાલાની ઝાંખી કરી ગંગી ગાય ખડ ખાણ ગોપીઓ કનૈયાને આ ગંગી ગાય પાસે લઈ જાય છે. અનેક વર્ષ તપસ્યા કરવા છતાં મનમાંથી અભિમાન ગયું નહીં, કામ ગયો નહીં, ત્યારે મોટા મોટા ઋષિમુનિઓ ગોકુળમાં ગાયો થઈ ને આવ્યા છે.નિષ્કામ શ્રીકૃષ્ણ ને કામ અર્પણ કરી નિષ્કામ થવાની એમની ઈચ્છા છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આપ સૌનો સ્નેહ પ્રેમ વચન રૂચિ આ લખવા અને તમારા સુધી પહોંચવા મદદ કરે છે આજે બસ અહીં અટકીએ અસ્તુ.

# ‘જેલર ૨’માં ૭૩ વર્ષીય રજનીકાંત એક્શન અવતારમાં

## પહેલા પોસ્ટરમાં રજનીકાંત પોતાના દમદાર અંદાજમાં જોવા મળી રહ્યા છે અને તેમના હાથમાં બંદૂક છે



૭૩ વર્ષીય રજનીકાંત એક્શન અવતારમાં જોવા મળશે, ‘જેલર ૨’ના ૬ પાત્રોના અદ્ભુત પોસ્ટર સામે આવ્યા છે જે જોઈને ચાહકોએ કહ્યું - બ્રેકિંગ બેડ વર્ઝન છે આ ફિલ્મ. થલાઈવાની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘જેલર ૨’નું નવું પોસ્ટર બની ગયું છે. સોશિયલ મીડિયા પર લોકપ્રિય છે, જેમાં ૭૩ વર્ષીય રજનીકાંત અને મોહનલાલની ઝલકએ ચાહકોને દિવાના બનાવી દીધા છે.‘થલાઈવાની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘જેલર ૨’નું નવું પોસ્ટર આવી ગયું છે. બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કરનાર અને હિટનો ટેગ મેળવનાર રજનીકાંતની ફિલ્મના નવા પોસ્ટરમાં દરેક પાત્રનો પાવરફુલ લુક જાહેર થયો છે. પ્રોડક્શન હાઉસ સન પિક્ચર્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ સંબંધિત પોસ્ટર શેર કર્યા અને કેપ્શનમાં લખ્યું, ‘‘જ્યારે ‘જેલર’ના પાત્રો ચાર્જમાં હોય છે, ત્યારે કોઈ અડધું કામ હોતું નથી.’’ પહેલા પોસ્ટરમાં રજનીકાંત પોતાના દમદાર અંદાજમાં જોવા મળી રહ્યા છે અને તેમના હાથમાં બંદૂક છે. જ્યારે, બીજામાં મોહનલાલ, શિવ રાજકુમાર અને જેકી શ્રોફ સહિત અન્ય અનુભવી સ્ટાર્સ છે. આ ફિલ્મમાં ‘લિયો’ અભિનેત્રી રામ્યા કૃષ્ણન,




તમન્ના ભાટિયા, યોગી બાબુ અને વસંત રવિ જેવા સ્ટાર્સનો સમાવેશ થાય છે.‘જેલર ૨’ના લેખક અને દિગ્દર્શક નેલ્સન દિલીપ કુમાર છે. આ ફિલ્મ ‘જેલર’ની સિક્વલ છે, જેનું ટાઈટલ મેકર્સે ‘જેલર ૨’ આપ્યું છે. ‘જેલર’ હિન્દી તેમજ તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડમાં થિયેટરોમાં રિલીઝ થઈ હતી અને તે બ્લોકબસ્ટર હતી. આ એક નિવૃત્ત જેલર ટાઈગર મુથુવેલ પાંડિયનની જીવનકથા છે. થલાઈવા રજનીકાંત ફિલ્મમાં જેલર તરીકે મજબૂત સ્ટાઈલમાં જોવા મળ્યા હતા.સન પિક્ચર્સ દ્વારા નિર્મિત અને નેલ્સન દિલીપ કુમાર દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મમાં રજનીકાંત સાથે રામ્યા કૃષ્ણન, યોગી બાબુ, વિનાયકન, તમન્ના ભાટિયા અને માસ્ટર રિત્વિક મહત્વની ભૂમિકામાં હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રજનીકાંતના જમાઈ અને સાઉથ એક્ટર ધનુષ પણ ‘જેલર ૨’માં જોવા મળી શકે છે. જો કે પ્રોડક્શન હાઉસ દ્વારા હજુ સુધી આ વાતની પુષ્ટિ કરવામાં આવી નથી.

# અભિનેત્રી શિલ્પા શેટ્ટી-રાજકુંદ્રાના ઘરે ઈડી ત્રાટકી

## મોબાઈલ એપ્લિકેશન મારફત અને વિત્તરણના આરોપોસર મની લોન્ડરિંગ તપાસ હાથ ધરવામાં આવી છે

બોલિવૂડ જગતથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુંદ્રાના ઘરે ઈડી ત્રાટકી હતી. આ કાર્યવાહી પોર્નોગ્રાફી નેટવર્ક મામલે કરવામાં આવી રહી હોવાની ચર્ચા છે. મોબાઈલ એપ્લિકેશન મારફત પોનોગ્રાફિક કન્ટેન્ટના પ્રોડક્શન અને વિત્તરણના આરોપોસર મની લોન્ડરિંગ તપાસ હાથ ધરવામાં આવી છે આ મામલે ઈડી તેમના ઘર અને ઓફિસ બંને ઠેકાણે તપાસ કરી રહી છે. રાજ કુંદ્રા વિરૂદ્ધ ૨૦૨૧માં પોલીસે પોર્ન પ્રોડક્શનના આરોપસર ધરપકડ કર્યા બાદ ચાલી રહેલી તપાસના ભાગરૂપે ઈડીએ આ દરોડો પાડ્યા હોવાનું જાણવા મળ્યું છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ઈન્ડિયન પેનલ કોડ અને આઈટી એક્ટ હેઠળ કુંદ્રાની ધરપકડ કરી હતી. બાદમાં સીટી કોર્ટે કુંદ્રાને જામીન આપ્યા હતાં. મોબાઈલ એપ્લિકેશન મારફત પોનોગ્રાફિક કન્ટેન્ટના પ્રોડક્શન અને વિત્તરણના આરોપોસર મની લોન્ડરિંગ તપાસ હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર આ મામલે ઈડીની ટીમ કુલ ૧૫ જગ્યાએ દરોડાની કાર્યવાહી કરી રહી છે. આ મામલે જે પૈસા એકઠાં થયા હતા તે આવા વીડિયોના માધ્યમથી વિદેશમાં મોકલાયા હતા.



આ રીતે પૈસાની મોટા પાયે હેરફેર કરવામાં આવી હતી. જેની તપાસ ઈડી કરી રહી છે. જૂનમાં મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચે કુંદ્રાની માલિકીની હોટશોટ્સ એપ્લિકેશન પોર્નોગ્રાફી પ્રોડક્શન કેસમાં સંડોવણી હોવાના આરોપોની તપાસ હાથ ધરી છે. જેમાં તપાસમાં જપ્ત કરાયેલ સર્વર પર એડલ્ટ સામગ્રીનો પર્દાફાશ કર્યો હતો. જેના પગલે કુંદ્રા અને તેના સહયોગીઓની આકરી તપાસ હાથ ધરાઈ છે.



### શાહરૂખ ખાને વર્ષ ૨૦૨૩માં ધૂમ મચાવી દીધી હતી

# બોલિવુડમાં ટેક્સ ચુકવવામાં અભિનેતા શાહરૂખ સૌથી ઉપર



જેવી રીતે ફિલ્મ કેટલી મોટી હિટ છે તે તેના બોક્સ ઓફિસ કલેક્શન પરથી નક્કી થાય છે. તેવી જ રીતે આજના સમયમાં એક સુપરસ્ટાર કેટલું કમાઈ કરે છે, તેનાથી તે દેશનો સૌથી મોટો એક્ટર બનાવે છે. તેની કમાણી, નેટવર્થ અને ટેક્સની ડિટેલ ફેન્સને ચોંકાવી દે છે. જો તમને લાગતું હોય કે દેશમાં સૌથી વધુ ટેક્સ ભરનાર અક્ષય કુમાર અથવા સલમાન ખાન છે, તો તમે ખોટા છો. કારણ કે હવે આંકડા અને સમય બદલાઈ ગયો છે. આ વર્ષે સરકારી તિજોરીમાં સૌથી વધુ ટેક્સ ભરનાર અભિનેતા શાહરૂખ ખાન છે. જેમણે ગયા વર્ષે બોક્સ ઓફિસ પર કમબેક કર્યુ હતું. ફોર્ચ્યુન ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં સૌથી વધુ ટેક્સ ચૂકવનારાઓની યાદીમાં શાહરૂખ ખાન ટોપ પર હતો. જેમણે રૂ.૯૨ કરોડનો ટેક્સ ભર્યો હતો. આ પછી બીજું નામ દક્ષિણનું છે. જો તમે પ્રભાસ કે અલ્લુ અર્જુન વિશે વિચારી રહ્યા છો તો તમે બિલકુલ ખોટા છો. સાઉથમાં સૌથી વધુ ટેક્સ ચૂકવનાર ફિલ્મ સ્ટારનું નામ છે વિજય થાલાપતિ. ફોર્ચ્યુન ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં સૌથી વધુ ટેક્સ ચૂકવનારાઓની યાદીમાં શાહરૂખ ખાન ટોપ પર હતો, જેમણે ૨૦૨૩-૨૦૨૪માં ૮૦ કરોડ રૂપિયાનો ટેક્સ ચૂકવ્યો હતો અને તે આ યાદીમાં બીજા નંબર પર હતો. આ પછી આવે છે સલમાન ખાન જેમણે ૭૫ કરોડ રૂપિયા ટેક્સ ચૂકવ્યો છે અને પછી આવે છે અમિતાભ બચ્ચન જેમણે સરકારને ૭૧ કરોડ રૂપિયા ટેક્સ તરીકે આપ્યા.શાહરૂખ ખાને વર્ષ ૨૦૨૩માં ધૂમ મચાવી દીધી હતી. પઠાણ પ્રથમ જાન્યુઆરી ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. પઠાણ ફિલ્મે બોક્સ ઓફિસ પર વિશ્વભરમાં ૧૦૦૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યુ હતું અને પછી જવાન આવી હતી. જવાન ફિલ્મે ૧૧૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

## નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં સૌથી વધુ ટેક્સ ચૂકવનારાઓની યાદીમાં શાહરૂખ ખાન ટોપ પર

પછી વર્ષના અંતે ડંકી રિલીઝ થઈ જેણે લગભગ ૪૦૦ કરોડ રૂપિયા એકઠા કર્યા હતા.આ દિવસોમાં બ્લોકબસ્ટર ફિલ્મોના પ્રોફિટ શેર અને કમાણીએ પણ શાહરૂખ ખાનને સૌથી વધુ કમાણી કરનાર અભિનેતા બનાવી દીધો છે. ટેક્સ ચુકવવામાં અભિનેતા શાહરૂખ ખાન બોલિવુડમાં સૌથી ઉપર, જેમણે ભારે નફો કર્યો હતો. હવે શાહરુખ ખાનની નેટવર્થ પર આવીએ. ૨૦૨૪ હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ અનુસાર તેમની કુલ સંપત્તિ ૭૩૦૦ કરોડ રૂપિયા છે અને તેઓ દેશના સૌથી ધનિક લોકોમાંના એક છે.

### આઈ વોન્ટ ટુ ટોક ફિલ્મની કહાની પિતા અને દીકરી પર છેઃ અભિષેક

# દીકરીને યાદ કરીને ઈમોશનલ થઈ જતા હતા



ડાયરેક્ટર સુજિત સરકારે ખુલાસો કર્યો છે કે, તેની ફિલ્મ આઈ વોન્ટ ટુ ટૉકની શૂટિંગ દરમિયાન અભિષેક બચ્ચન દીકરી આરાધ્યાને યાદ કરીને ઈમોનશન થઈ જતો હતો. ડાયરેક્ટર સુજિતે કહ્યું કે, આ ફિલ્મ પિતા -દીકરીના સંબંધ પર આધારિત છે. જેના કારણે ફિલ્મના શૂટિંગ દરમિયાન અભિષેકને તેની ૧૩ વર્ષની દીકરીની વધુ યાદ આવતી હતી. ડાયરેક્ટર સુજિતે કહ્યું કે, શૂટિંગ દરમિયાન એવી ઘણી પળો હતી કે, જ્યાં અભિષેક ભાવુક થયો હતો. ઓનસ્ક્રિન દીકરી સાથેના ઈમોશનલ સીન્સ દરમિયાન અભિષેક તેની દીકરી આરાધ્યા વિશે વિચારતો હતો. મને ખબર છે કે, ક્યારેક -ક્યારેક અભિષેક મને જણાવતો ન હતો. પરંતુ મને ખબર છે કે તેને આની અસર થતી હતી. આઈ વોન્ટ ટુ ટૉક ફિલ્મ ૨૨ નવેમ્બરે રિલીઝ કરવામાં આવી હતી. ફિલ્મમાં અભિષેક ઉપરાંત અહિલ્યા બમરુ, જોની લીવર અને પર્લ ડે પણ મુખ્ય ભૂમિકામાં દેખાયાં. જો કે, સુજિત સરકાર દ્વારા નિર્દેશિત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કમાલ કરી શકી ન હતી. તાજેતરના



એક ઈન્ટરવ્યૂમાં અભિષેકે દીકરી આરાધ્યા વિશે વાત કરતાં કહ્યું કે, ‘આઈ વોન્ટ ટુ ટૉક ફિલ્મની કહાની પિતા અને દીકરી પર છે. જેમાં પિતા પાસે જીવવા માટે માત્ર ૧૦૦ દિવસ હોય છે અને પિતા દીકરીને કરેલા વાયદા પૂરા કરવા ઈચ્છે છે. જેમાં એ દીકરી પૂછે છે કે શું તમે ડાન્સ કરશો?’ મને લાગે છે કે, કોઈપણ પિતા માટે તેની દીકરીના લગ્ન જ સૌથી મોટી પળ હોય છે, એક પિતાનું સપનું હોય છે કે તે પોતાની દીકરીના લગ્નમાં ડાન્સ કરે. તેમણે કહ્યું કે, ‘મારી દીકરી હજુ નાની છે, પરંતુ એક પિતા તરીકે હું ફિલ્મના ઈમોશનને ફિલ કરું છું. મારી દીકરી સાથે રહેવા મારે જે કરવું પડશે તે હું કરીશ.’

# ‘ઐતરાઝ ૨’ બનશે, પણ પ્રિયંકા કે અક્ષય નહીં હોય

## થોડાં વખત પહેલાં તેમની ૨૦૦૦ના સમયની યાદગાર ફિલ્મ ‘ઐતરાઝ’ની સિક્વલ અંગે જાહેરાત

સુભાષ ઘાઈએ થોડાં વખત પહેલાં તેમની ૨૦૦૦ના સમયની યાદગાર ફિલ્મ ‘ઐતરાઝ’ની સિક્વલ અંગે જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં પ્રિયંકાએ નેગેટિવ રોલ કર્યો હતો, જેની ઘણી સરાહના થઈ હતી. ‘ઐતરાઝ ૨’માં નવી પેઢીની સ્ટોરી સાથે ફિલ્મ બનાવવાની ઈચ્છા હોવાથી સુભાષ ઘાઈએ નવા ચહેરાંઓને તક આપવાનો ઈરાદો જાહેર કર્યો છે.ફિલ્મની સ્ટોરી ફાઈનલ થયા પછી સુભાષ ઘાઈ દ્વારા કાસ્ટની જાહેરાત પણ થશે. જો કે સીક્વલમાં પ્રિયંકા ચોપરા કે અક્ષય કુમારને તક મળે તેવી શક્યતા નહીવત થઈ છે. સુભાષ ઘાઈએ જણાવ્યું, ‘‘અમારું પણ એક બંધારણ હોય છે. તેના આધારે અમે વિચારીએ છીએ કે જે-તે રોલને કોણ સૌથી સારો ન્યાય આપી શકશે. ઘણી વખત એવું બન્યું છે કે મેં કલાકારોના ઘેર-ઘેર જઈને તેમને મારી ફિલ્મમાં રોલ કરવા માટે રિક્વેસ્ટ કરી છે. એવા ઘણા લોકો હતા અને ઘણાને મેં ચાન્સ આપ્યો છે.’’ત્યાર પછી તેમણે એમ પણ કહ્યું કે પ્રિયંકા કે સિમિ ગરેવાલ ‘ઐતરાઝ’ કે ‘કર્ઝ’ કરવા માટે તૈયાર નહોતા. સિમિ ગરેવાલને કર્ઝમાં કામ નહોતું કરવું. પ્રિયંકા ઐતરાઝ કરવા નાગતી નહોતી. મેં એમને બહુ મનાવ્યા. કારણ કે મને લાગતુ હતું કે એ કલાકારો એ






રોલ માટે પરફેક્ટ હતાં. કાજોલને ૧૯૯૭માં નેગેટિવ રોલ માટે એવોર્ડ મળ્યા પછી આ રોલમાં એવોર્ડ મેળવનારી પ્રિયંકા બીજી એક્ટ્રેસ બની ગઈ હતી અને તેનો અભિનય ખૂબ વખણાયો હતો. હવે ઐતરાઝના ૨૦ વર્ષ પછી સુભાષ ઘાઈ તેની સિક્વલ બનાવવા જઈ રહ્યા છે. આ અંગે તેમણે કહ્યું, ‘‘ઐતરાઝ બની એને ૨૦ વર્ષ થઈ ગયા. તો હવે અમારે અત્યારના અને આજની જનરેશનના કલાકારો સાથે બનાવવી પડશે. હવે ત્રણ ચાર મહિનામાં સ્ટોરી અને કાસ્ટ નક્કી થઈ જશે. પછી અમે તેની જાહેરાત કરીશું.’’ આ ઉપરાંત સુભાષ ઘાઈ ખલનાયક ૨ પણ બનાવી રહ્યા હોવાની ચર્ચા છે.

### એક્ટ્રેસનો પગ અટકી જતા જ તે પોતાની જાત પર કાબૂ રાખે છે

# કેમેરા સામે જોતા પડતા પડતા બચી મૌની રોય

ટીવીની નાગીન એટલે કે અભિનેત્રી મૌની રોયનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જે હાલમાં ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં મૌની Opps મોમેન્ટનો શિકાર બની છે અને પડતા પડતા બચી છે. દરેક વ્યક્તિ ટીવી અને બોલિવુડની સુંદરીઓ પર નજર રાખે છે. જો આ સુંદરીઓ જાહેરમાં હોય, તો તે સ્પષ્ટ છે કે તેઓ લોકો અને પાપારાઝીની નજરથી બચી શકશે નહીં. હાલમાં જ ટીવીની નાગીન એટલે કે અભિનેત્રી મૌની રોયનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જે હાલમાં ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં મૌનીʼજ મોમેન્ટનો શિકાર બની છે અને પડતા પડતા બચી છે.તાજેતરમાં જ મૌનીને પેપ્સ દ્વારા તેમના કેમેરામાં કેદ કરવામાં આવી હતી. આ દરમિયાન મૌની ખૂબ જ ક્યૂટ બ્લેક કલરના ડ્રેસમાં જોવા મળી હતી. આ ઈવેન્ટ દરમિયાન મૌની આવતાની સાથે જ તે પેપ્સ કેમેરા તરફ સહેજ નજર કરે છે. પેપ્સ તેને બોલાવે છે કે તરત જ મૌની જી, મૌની તેમનું અભિવાદન કરે છે અને અચાનક અભિનેત્રીનો પગ નીચે પડેલા કાર્પેટમાં અટકી જાય છે અને પડતા પડતા બચી જાય છે.એક્ટ્રેસનો પગ અટકી જતા જ તે પોતાની જાત પર કાબૂ રાખે છે અને નીચે પડતા બચી જાય છે. આ પછી મૌની આગળ વધે છે અને ત્યાં હાજર લોકોને મળે છે. મૌનીના આ વીડિયો પર યૂઝર્સે ઘણી કોમેન્ટ કરી છે.





તેના પર એક યુઝરે લખ્યું કે મૌનીએ પોતાની જાતને ખૂબ સારી રીતે સંભાળી છે. એક્ટ્રેસનો પગ અટકી જતા જ તે પોતાની જાત પર કાબૂ રાખે છે અને નીચે પડતા બચી જાય છે અન્ય યુઝરે કહ્યું કે તે તેના ચહેરા પર પડી હશે, પરંતુ તેણે પોતાની જાતને કાબૂમાં રાખી લીધી. અન્ય એક યુઝરે કહ્યું કે કદાચ ત્યાં એક નાનું બ્રેકર છે, જેને મૌની જોઈ શકતી નથી. બીજાએ લખ્યું કે અરે, બચી ગઈ અભિનેત્રી, પરંતુ તેણીએ પોતાની જાતને નિયંત્રિત કરી લીધી. અન્ય યુઝરે કહ્યું કે ધ્યાનથી ચાલો. બીજાએ કહ્યું, અરે, સાવચેત રહો. યુઝર્સે આ વીડિયો પર આવી કોમેન્ટ્સ કરી છે. ઉલ્લેખનીય છે કે અભિનેત્રીઓ અવારનવાર આવી બાબતોનો શિકાર બને છે. જો કે, તે પોતાની સંભાળ લેવા માટે પણ તૈયાર છે અને પોતાની સંભાળ રાખે છે.

# કિયારાનો લેટેસ્ટ લુક જોઈ ફેન્સને આઘાત

## ફિલ્મ મેકર્સે હાલમાં જ ફિલ્મના ત્રીજા ગીત ‘નાના હિરાના’નું પ્રમોશનલ પોસ્ટર રિલીઝ

સાઉથની ફિલ્મ ‘ગેમ ચેન્જર’ના નવા પોસ્ટરમાં કિયારા અડવાણીને જોઈને લોકો દંગ રહી ગયા છે. લોકોએ આ પોસ્ટર પર ઘણી કોમેન્ટ કરી છે અને કહ્યું છે કે તે કિયારા ન હોઈ શકે. યુઝર્સે કહ્યું- કોઈએ આને કેવી રીતે મંજૂરી આપી, આ કેવી ક્રિએટિવિટી છે? સિવાય કે તેઓ તેને ઈરાદાપૂર્વક ખરાબ દેખાવા માંગતા હોય. સાઉથની ફિલ્મ ‘ગેમ ચેન્જર’ જેમ જેમ તેની રિલીઝ તરફ આગળ વધી રહી છે, તેના પ્રમોશન માટે તેના પોસ્ટર અને ગીતો રિલીઝ કરવામાં આવી રહ્યા છે. જો કે, આ દરમિયાન, તાજેતરમાં કિયારા અડવાણીનું લેટેસ્ટ પોસ્ટર લોકોને બિલકુલ પસંદ આવ્યું નથી અને ચાહકો નિરાશ થયા છે.એસ શંકર દ્વારા નિર્દેશિત ‘ગેમ ચેન્જર’ જાન્યુઆરી ૨૦૨૫માં રિલીઝ થઈ રહી છે. ફિલ્મ મેકર્સે હાલમાં જ ફિલ્મના ત્રીજા ગીત ‘નાના હિરાના’નું પ્રમોશનલ પોસ્ટર રિલીઝ કર્યુ છે. આ પોસ્ટરમાં કિયારા અડવાણી અપ્સરા જેવી દેખાઈ રહી છે. લોકો કિયારાના આ લુકને આપત્તિ ગણી રહ્યા છે.‘ગેમ ચેન્જર’ના આ પોસ્ટર પર લોકોએ પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. આ ફિલ્મના ગીત ‘જાના હરાન સા’માં કિયારા અને રામ ચરણની





કેમેસ્ટ્રી લોકોને પસંદ આવી છે, પરંતુ બેકગ્રાઉન્ડ વિઝ્યુઅલ કોઈને પસંદ નથી આવી રહ્યું. આ સાથે કિયારાના પોસ્ટરોએ પણ લોકોમાં ઘણો ગુસ્સો ઉભો કર્યો છે.વાસ્તવમાં, પહેલા ચાહકોને લાગતું હતું કે કિયારા આ ફિલ્મમાં ‘બોન્ડ ગર્લ’ જેવી દેખાશે, પરંતુ જે પોસ્ટર બતાવવામાં આવ્યું તે જોઈને લોકો ચોંકી ગયા. કિયારાએ પોતે પણ પોસ્ટર શેર કર્યુ છે, જેમાં તેની પાછળ બીજા ઘણા હાથ જોવા મળે છે. હવે લોકોએ કોમેન્ટનો વરસાદ કર્યો છે. કેટલાક અન્ય લોકોએ પણ તેની સરખામણી દીપિકા પાદુકોણના ‘ઓમ શાંતિ ઓમ‘ના પોસ્ટર સાથે કરી હતી.

# ૬ અને ૭ ડિસેમ્બરના રોજ દ્વી દિવસીય અમદાવાદ જિલ્લાના ૯ તાલુકાઓમાં રવી કૃષિ મહોત્સવનું આયોજન

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજયના ખેડૂતોને રવી સીઝનમાં રવી પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર રાજ્યના તમામ તાલુકાઓમાં તારીખ ૦૬/૧૨/૨૦૨૪થી તા. ૦૭ /૧૨/૨૦૨૪ દરમ્યાન બે દિવસીય રવી કૃષિ મહોત્સવનું આયોજન થનાર છે.જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના ૦૯ તાલુકાઓમાં રવિ કૃષિ મહોત્સવનું આયોજન થનાર છે.

આ બન્નેને દિવસોમાં સવારે ૦૮:૩૦ કલાકે થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી જિલ્લાના ૦૯ તાલુકામાં યોજાનાર કૃષિ મહોત્સવના આયોજન સંદર્ભે જિલ્લા કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે દ્વારા સંબધિત અધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪ના બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત પ્રથમ દિવસે સસ્ટેનેબલ ફાર્મીંગ, પ્રાકૃતિક કૃષિ, મિશ્ર પાક પધ્ધતિ, મિક્ષ ફાર્મિંગ, કૃષિ પ્રદર્શન અને પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત યોજાનાર છે જેનો જિલ્લાના ખેડૂતોને લાભ મળનાર છે.

કૃષિ મહોત્સવના બીજા દિવસે વેલ્યુ એડીશન દ્વારા ખેડુતોની આવકમાં વધારો, મિલેટ સહિતના મુખ્ય પાકોની આધુનિક તાંત્રીકતા વિષય પર પરિસંવાદ, કૃષિ પ્રદર્શન તથા ખેડુતો દ્વારા પ્રાકૃતિક કૃષિના એક મોડેલ ફાર્મની મુલાકાત લેવામાં આવનાર છે. તાલુકા કક્ષાના ૨ દિવસીય કાર્યક્રમમાં કુલ ૧૦૦૦ ખેડુતો (૫૦૦ ખેડુત પ્રતિ દિન) ઉપસ્થિત રહી મહોત્સવમાં કૃષિલક્ષી માહિતી મેળવશે. કૃષિ મહોત્સવમાં તાલુકા કક્ષાએ કાર્યક્રમના સ્થળે કૃષિ પ્રદર્શન માટે કુલ ૧૦ થી ૧૫ સ્ટોલનું આયોજન થનાર છે.જેમાં વિવિધ યોજનાઓ તેમજ અન્ય કૃષિ સંબધિત માહિતી મળશે. આ કાર્યક્રમ દરમ્યાન દરેક તાલુકામાંથી ખેડૂતોની પંસદગી કરી તેમને સ્ટેજ ઉપરથી મહાનુભાવોના હસ્તે યોજનાઓના મંજુરી પત્રો, વિવિધ સહાય,સહાયના હુકમોના વિતરણ કરવામાં આવનાર છે. સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા દ્વારા પ્રગતીશીલ ખેડૂતોને આત્મા બેસ્ટ ફાર્મર (તાલુકા/જિલ્લા/રાજ્ય કક્ષા)ના એવોર્ડ આપવાનું આયોજન કરાયું છે.

આ બન્ને દિવસો દરમિયાન પશુ આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરાયું છે.આ ઉપરાંત કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા કૃષિને સંલગ્ન માહિતી આપી ખેડૂતોને માર્ગદર્શિત કરવામાં આવશે.વધુમાં પ્રાકૃતિક ખેતી કરતા ખડૂતો, મિલેટ ખેતી કરતા, પ્રોસેસિંગ કરતા,આગેવાન ખેડૂત સહિત પ્રગતિશીલ ખેડૂતોનું વક્તવ્યનું પણ આયોજન કરાયું છે.

આ મહોત્સવ દરમિયાન વિવિધ યોજનાઓની અરજી માટે ઓનલાઈન પોર્ટલ આઇ ખેડૂત પોર્ટલ તથા વિવિધ સહાયલક્ષી યોજનાઓની સમજ ખેડૂતોને આપવામાં આવશે. રવી કૃષિ મહોત્સવ સુચારુ આયોજનના ભાગ રૂપે યોજાયેલ બેઠકમાં જિલ્લા કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે, જિલ્લા ખેતીવાડી અધિકારી સહિત સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિજ્ઞાનના પ્રયોગો, ટીચિંગ લર્નિંગ મટિરિયલનું પ્રદર્શન સાથે ભૂલકાઓને પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવ્યું



। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ જિલ્લા પંચાયત આઈસીડીએસ વિભાગ દ્વારા ઘટક સાણંદ ૧ ખાતે વિજ્ઞાન મેળો અને ભૂલકા મેળાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ભૂલકાંઓ દ્વારા સુંદર ડાન્સ, વિજ્ઞાનના પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા. સાથે જ, આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા બનાવેલ ટીચિંગ લર્નિંગ મટિરિયલનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં ભૂલકાંઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. આ ભૂલકા મેળામાં મુખ્ય સેવિકા બહેનો, એનએનએમ, એસએ, આંગણવાડી કાર્યકર બહેનો અને નાનાં ભૂલકાંઓ સહભાગી થયાં હતાં.

### અમદાવાદ : પ્રધાનમંત્રી વય વંદના કેમ્પ

# આયુષ્માન ભારત યોજના અંતર્ગત ધોળકા ખાતે પ્રધાનમંત્રી વય વંદના કેમ્પ યોજાયો

### વય વંદના કેમ્પમાં ૭૦ વર્ષથી વધુ વય ધરાવતા લોકોએ આધારકાર્ડથી આયુષ્માન કાર્ડનો લાભ લીધો



। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ધોળકા શહેર ખાતે ૭૦ વર્ષથી વધુ વય ધરાવતા તમામ લાભાર્થીઓને આધારકાર્ડથી આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી વય વંદના યોજનાનું કાર્ડ મળી રહે તે માટે સરદાર પટેલ કોમ્યુનિટી હોલ ધોળકા ખાતે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીના અધ્યક્ષસ્થાને કેમ્પ યોજાયો હતો.

ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીની હાજરીમાં ઉપસ્થિત સૌને તમાકુના વ્યસનથી મુક્ત કરવા પ્રતિજ્ઞા લેવડાવામાં આવી હતી તેમજ આ કેમ્પમાં ૭૦ વર્ષથી વધુ વય ધરાવતા લાભાર્થીઓને આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી વય વંદના યોજના અંતર્ગત ૮૦૦થી વધારે આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ધોળકા નગરપાલિકા પ્રમુખ શ્રી અશોકભાઈ મકવાણા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી ગોવિંદભાઈ મકવાણા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. શ્રી શૈલેષ પરમાર તેમજ ધોળકા શહેરના ૭૦ વર્ષથી વધુ વય ધરાવતા લાભાર્થીઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

# દેવગઢ બારીઆ એસ.ટી વિભાગ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને ઓન લાઈન પાસ કઢાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૩૦ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ એસ.આર. હાઈસ્કુલ ખાતે આજ રોજ એસ ટી વિભાગ દ્વારા ઓનલાઈન પાસ કઢાવવા માટે ની ઓનલાઈન માહિતી એસ આર હાઈ સ્કૂલ ના વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓ ને આ બાબતે ડેપો મેનેજર તેમજ પાસ ની કામગીરી કરતા સંજય ગોસાઈ કર્મચારી ને સાથે રાખી જરૂરી માર્ગદર્શન આપેલ છે જેથી કરી વિદ્યાર્થીઓ ને લાઈન માં ઉભુ ના રહેવું પડે તેમજ કોઈ મુશ્કેલી ના પડે તે માટે એસટી ડેપો દેવગઢ બારીયા દ્વારા આજરોજ કાર્યક્રમ યોજેલ જેમાં શાળા ના વિદ્યાર્થીઓ એ પાસ ઓન લાઈન કેવી રીતે કાઢવા નો તે જાણકારી સમજી.

### શ્રી હિતેન ભુતાએ ટોપ ૫ વિશ્વસ્તરીય સમસ્યાઓ અને તેના ઉકેલો રજૂ કર્યા

# અમદાવાદમાં યોજાયો ૨૭મો ઇનોવેશન પરિષદ

## “ઇનોવેશન ઇન એક્શનઃ શેપિંગ અ બેટર વર્લ્ડ”



। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) દ્વારા આયોજિત ૨૭મી ઈનોવેશન પરિષદ “ઈનોવેશન ઈન એક્શનઃ શેપિંગ અ બેટર વર્લ્ડ” એ વૈશ્વિક સમસ્યાઓ અને તેના ઉકેલો વિશે માહિતી આપી હતી. AMA, Elixir Foundation અને રૈ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ પરિષદે ટેકનોલોજી અને ઉદ્યોગસાહસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

CGS Infotechના CEO અને વૈશ્વિક ઈનોવેશન નિષ્ણાત શ્રી હિતેન ભૂતાએ ફ્લોરિડાથી ખાસ આ પરિષદમાં હાજરી આપી, તેમણે “Innovation Beyond Boundaries: Pioneering Global Solutions” પર વાત કરી હતી સાથે તેમને CHAT GPTનું મહત્વ અને તેનો ઉપયોગ સ્માર્ટલી કેવી રીતે કરવો તે વિશે માહિતી પૂરી પાડી હતી. શ્રી હિતેન ભુતાએ ખાસ ત્રણ મુદ્દાઓ પર વાત કરતા જણાવ્યું હતું કે, ૧. વિશ્વ હંમેશા ઉકેલો માટે રાહ જોશે. ટેકનોલોજી કેટલાક પ્રશ્નો હલ કરશે, પરંતુ નવા પ્રશ્નો ઉદભવશે.

૨. સતત ઈનોવેશનની જરૂરિયાત રહેશે. ઈનોવેશન વૈશ્વિક પડકારો માટે ટકાઉ ઉકેલો આપે છે.

૩. AI ઈનોવેશનનું કેન્દ્ર હશે. ChatGPT, Gemini, Co-Pilot જેવા સાધનો પ્રશ્નો ઓળખશે અને ઉકેલો રજૂ કરશે પરંતુ મનુષ્યે તેના બુદ્ધિ અને તર્કના ઉપયોગથી શ્રેષ્ઠ ઉકેલો પસંદ કરવા પડશે.

આ કાર્યક્રમમાં ઉન્મેષ દીક્ષિત (એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, AMA), કૃણાલ શાહ (મેનેજર યુથ પ્રોગ્રામ,Elixir Foundation) તેમજ નિશિત શાહ (યંગ ઈન્ડિયન અમદાવાદ) હાજર રહ્યા હતા.

# ઊર્જામંત્રીશ્રી કનુભાઇ દેસાઇની ઉપસ્થિતિમાં તેમના નિવાસસ્થાને સ્માર્ટ વીજ મીટર લગાવાયું

### સ્માર્ટ મીટરથી ડરવાની જરૂર નથી, ખોટી ધારણાઓ છોડી સ્માર્ટ મીટર લગાવડાવો : મંત્રી કનુભાઇ



। (માહિતી) વાપી, તા.૩૦ ।

સ્માર્ટ મીટરનું ઈન્સ્ટોલેશન વિનામૂલ્યે કરવામાં આવે છે નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ઉપાથિતીમાં તેમના વાપી સ્થિત નિવાસસ્થાનથી તેમના ધર્મપત્નીના હસ્તે કુમકુમ તિલક કરી સ્માર્ટ મીટર લગાવવાની શરૂઆત કરવામાં આવી. વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોશિયેશન ખાતે મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર અંતર્ગતના ‘સ્માર્ટ મીટર, સ્માર્ટ શરૂઆત’ કાર્યક્રમમાં સ્માર્ટ મીટરને લગતી તમામ માહિતી આપવામાં આવી હતી.

મંત્રીશ્રીએ સ્માર્ટ મીટર ઈન્ટોલેશન અંગે ખોટી ધારણાઓથી દૂર રહી સ્માર્ટ મીટર લગાવવા અપીલ કરતા કહ્યું હતું કે, સ્માર્ટ મીટરનું ઈન્સ્ટોલેશન વિનામૂલ્યે કરવામાં આવે છે. દરેકે દેશના વિકાસમાં ફાળો આપવા સ્માર્ટ મીટર લગાવવા જોઈએ. સ્માર્ટ મીટરથી ડરવાની જરૂર નથી. આ મીટરથી મોબાઈલ એપ્લિકેશનમાં જ વીજ વપરાશ અંગે ડે ટુ ડે માહિતી મળી જશે. સ્માર્ટ મીટર લગાવવાથી અનેક ફાયદાઓ થશે. આ મીટરથી વધુ બીલ આવતું નથી પરંતુ વીજ વપરાશની સચોટ માહિતી મળશે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું



હતું કે, પ્રધાનમંત્રીશ્રીના ‘વન નેશન, વન ગ્રીડ’ ના કોન્સેપ્ટથી સમગ્ર દેશાને સરખો વીજ પુરવઠો પહોચાડવાનું કાર્ય કરી રહ્યા છે.

તેમની દીઘર્દ્રષ્ટિથી જ એશિયામાં સૌ પ્રથમ ગુજરાતમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગની રચના કરવામાં આવી હતી. સમગ્ર ભારત ભવિષ્યમાં ૫૦% ઊર્જા રિન્યુએબલ હશે. કાર્યક્રમમાં અમાર્ટ મીટર અંગેનો ડેમો બતાવવામાં આવ્યો હતો તેમજ સ્માર્ટ મીટર શું છે, સ્માર્ટ મીટર કેવી રીતે કાર્ય કરે છે, સ્માર્ટ મીટરના ફાયદાઓ, સ્માર્ટ મીટર લગાવવાની પ્રક્રિયા, ગ્રાહક સુવિધા કેન્દ્ર, સ્માર્ટ મીટર અંગેની ખોટી ધારણાઓ અને મોબાઈલ એપ્લિકેશનમાં સ્માર્ટ મીટર વપરાશની સચોટ માહિતી પ્રદાન કરવામાં આવી હતી.

# ઓલપાડ મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય ખાતે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કમિટી અને NDRF ના સંયુક્ત ઉપક્રમે સ્કૂલ સેફ્ટી કાર્યક્રમ યોજાયો



। (માહિતી) સુરત, તા.૩૦ ।

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાની મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય ખાતે સુરત જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ અને NDRF ટીમના ઈન્સ્પેક્ટર ભરતકુમાર મૌર્યના માર્ગદર્શન હેઠળ સ્કૂલ સેફ્ટી કાર્યક્રમ યોજાયો. જેમાં કુલ ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ ડો. ભરતકુમાર જી. પટેલ અને જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારી (DPO) શ્રી કૌશિક પોરિયા ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે જિલ્લામાં અચાનક આવી પડતી આપત્તિઓ તથા આપત્તિ સમયે લેવાના તકેદારીના પગલાં અને તેના માટે ઉપલબ્ધ વિવિધ પ્રશાસન તેમજ એન. ડી. આર. એફ.ના સભ્યોએ માહિતી આપી હતી.

# માંડલમાં મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત માંડલ ખાતે સ્થાનિક મહિલાઓ અને બાળકો માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશ સોલંકી દ્વારા બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત POCSO એક્ટ, ગુડ ટચ, બેડ ટચ, મહિલા હેલ્પ લાઈન નંબર ૧૧૨, ૧૮૧ અને ચાઈલ્ડ હેલ્પ લાઈન નંબર ૧૦૯૮ની માહિતી આપવામાં આવી હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગના સુશ્રી હેમલ બારોટ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત મહિલા



કલ્યાણકારી યોજનો વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત, મહિલા સહાયત કેન્દ્રના કાઉન્સેલર સુશ્રી ભૂમીબહેન દ્વારા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરની યોજનાની માહિતી આપવામાં આવી હતી. કેન્દ્ર પુરુસ્કૃત સખી વન સ્ટોપ સેન્ટર યોજના વિશેની જાણકારી સખી વન સ્ટોપ સેન્ટર, સોલાના કેસ વર્કર સુશ્રી રોશનીબહેન કટારાએ આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. હકારાત્મક તથા સહકાર આપનારા મિત્રો સાથે બહાર જાવ. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે. આજે ઑફિસમાં તમે જે કામ કરી રહ્યા છો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે. તમે એક જગ્યાએ ઊભા હશો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. ફેશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. કામના સ્થળે આજે બધા તમને ખરા દિલથી સાંભળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં- તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમને ખુષશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. પ્રિય પાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ધ્યાન રાહત લાવશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.

# હિચકારી ઘટના! મહિલાના વાળ કાપી, ઝાડ સાથે બાંધી ગરમ સળીયાથી આપ્યા ડામ

## ઘટનાની માહિતી આપતા પોલીસે જણાવ્યું કે આરોપીઓએ મહિલાને ઝાડ સાથે બાંધી દીધી અને તેના વાળ કાપી નાખ્યા

। (એજન્સી) બુંદી, તા.૩૦ ।

દુનિયા ભલે ચંદ્રમા પર પહોંછે પરંતુ આજે પણ ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં મહિલાઓની હાલતમાં કોઈ જ ફેર નથી થયો. મહિલાઓ સાથે બર્બરતા આજે પણ જોવા મળી જ રહી છે. આવો જ એક કેસ રાજસ્થાનના બુંદી જિલ્લામાંથી સામે આવ્યો છે. અહીં એક મહિલાના પહેલા વાળ કાપી નાખવામાં આવ્યા હતા, ત્યારબાદ તેના ચહેરા પર કાજળ ચોપડવામાં આવી હતી. પછી તેને ઝાડ સાથે બાંધીને લોખંડના ગરમ સળિયાથી ડામ આપવામાં આવ્યા હતા. ઘણા દિવસો સુધી મહિલા સાથે આ બર્બર કૃત્ય કરવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે એક સ્વયં-ઘોષિત તાંત્રિક અને તેના સહયોગીઓએ મહિલાને ડાકણ કહી હતી, ત્યારબાદ તેમના કહેવા પર મહિલા પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. એક ૫૦ વર્ષીય મહિલાને કથિત રીતે ઝાડ સાથે બાંધી દેવામાં આવી હતી અને તેને 'ચૂડેલ' તરીકે ઓળખાવીને ત્રાસ આપવામાં આવ્યો હતો.ઘટનાની માહિતી આપતા પોલીસે જણાવ્યું કે આરોપીઓએ મહિલાને ઝાડ સાથે બાંધી દીધી અને તેના વાળ કાપી નાખ્યા. આ પછી, તેનો ચહેરો કાળો કરવામાં આવ્યો હતો અને તેને 'દુષ્ટ આત્મા'માંથી મુક્ત કરવા માટે તેને બે દિવસ સુધી લોખંડના ગરમ સળિયાથી ત્રાસ આપવામાં આવ્યો હતો. જોકે, પોલીસને ઘટનાની માહિતી મળતાં પોલીસની ટીમે મહિલાને મુક્ત કરાવી હતી. આ પછી મહિલાની પૂછપરછ કરવામાં આવી, જેના આધારે કહેવાતા તાંત્રિક અને તેના સહયોગીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો.બુંદીના પોલીસ અધિક્ષક રાજેન્દ્ર કુમાર મીનાએ જણાવ્યું હતું કે શાહપુરાની રહેવાસી નંદુબાઈ મીણાને હિંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારના ગુડાગોકુલપુરા ગામ પાસે એક સ્થાનિક દેવતાના પૂજા સ્થળ પર બે દિવસ સુધી અમાનવીય ત્રાસ આપવામાં આવ્યો હતો. પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે નંદુબાઈ ને એક 'દુષ્ટ આત્મા'થી છૂટકારો અપાવવા માટે ત્રાસ આપવામાં આવ્યો હતો જેણે ગામમાં તેના એક પરિણીત સંબંધીને કથિત રીતે નુકસાન પહોંચાડ્યું હતું. પોલીસ અધિકારીએ જણાવ્યું કે માહિતી મળ્યા બાદ પોલીસે શુક્રવારે મહિલાને બચાવી લીધી અને પીડિતાના નિવેદનના આધારે કહેવાતા તાંત્રિક બાબુલાલ અને તેના બે સહયોગીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો.

## HCએ પતિને ફટકારી ૧૦ વર્ષની જેલની સજા

# સગીર પત્ની સાથે સેક્સ પણ બળાત્કાર ગણાશે

। (એજન્સી) નાગપુર, તા.૩૦ ।

બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણયમાં કહ્યું હતું કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની પત્ની સાથે સહમતિથી શારીરિક સંબંધ બાંધવો એ બળાત્કારની શ્રેણીમાં આવે છે. કોર્ટે નીચલી અદાલતના નિર્ણયને યથાવત રાખ્યો હતો જેણે દોષિતને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. જસ્ટિસ ગોવિંદા સાનપે ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું હતું કે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હેઠળ વૈવાહિક બળાત્કારના અપવાદો સગીરોને લાગુ પડતા નથી.

"૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરી સાથે શારીરિક સંભોગ એ વૈવાહિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના બળાત્કાર છે," આ મામલો ૨૦૧૯નો છે અને પીડિતા સગીર છોકરી હતી. તે વર્ધા જિલ્લાની રહેવાસી હતી અને ત્રણ-ચાર વર્ષથી આરોપીના સંપર્કમાં હતી. શરૂઆતમાં તેણે સતત આરોપીઓની કાર્યવાહીનો ઈનકાર કર્યો હતો. પરંતુ આર્થિક સંકડામણના કારણે જ્યારે તે કામની શોધમાં બીજા શહેરમાં જતી રહી ત્યારે આરોપી તેની પાછળ ગયો. આરોપીએ તેને તેના કામના સ્થળે લઈ જવા અને તેને પાછી મૂકવાનું નાટક કરીને તેનો વિશ્વાસ જીતી લીધો. આ પછી તેણે પીડિતાને લગ્નનું ખોટું વચન આપી શારીરિક સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. આ સંબંધના કારણે પીડિતા ગર્ભવતી બની હતી. આરોપીએ ઉતાવળે ભાડાના રૂમમાં કેટલાક પડોશીઓની હાજરીમાં અનૌપચારિક લગ્ન સમારંભ કરાવ્યો હતો. બાદમાં પીડિતાએ આ લગ્નને કાયદેસર રીતે અમાન્ય અને ઔપચારિકતા વગરનું ગણાવ્યું હતું. ગર્ભવતી બન્યા બાદ આરોપીએ પીડિતા પર ગર્ભપાત કરાવવા માટે દબાણ કર્યું હતું. તેણે બાળકની જવાબદારી લેવાનો ઈનકાર કર્યો અને પીડિતા પર બેવફાઈનો આરોપ પણ લગાવ્યો. આખરે, ન્યાયની શોધમાં, પીડિતાએ વર્ધા પોલીસમાં ફરિયાદ નોંધાવી, જે પછી આરોપી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો.આ કેસમાં હાઈકોર્ટે સગીરના અધિકારોનું રક્ષણ કરતા કડક વલણ અપનાવ્યું હતું. કોર્ટે કહ્યું કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરી સાથે સહમતિથી સેક્સ કરવું એ બળાત્કાર સમાન છે. દોષિતને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. નીચલી અદાલતે પણ આ સજા સંભળાવી હતી.આ ચુકાદો એક મહત્ત્વપૂર્ણ સંદેશ મોકલે છે કે કાયદો કોઈપણ પ્રકારની વૈવાહિક અથવા સામાજિક પરિસ્થિતિઓને બાળકીના અધિકારો અને સલામતી માટે બળાત્કાર માટે બચાવ બનવાની મંજૂરી આપશે નહીં.

## દિલ્હીમાં અચાનક કેમ જાહેર કરાયું સુરક્ષા એલર્ટ?

# IGI એરપોર્ટ પાસે ડ્રોન-લેસર લાઇટના ઉપયોગ પર પ્રતિબંધ

### આ પગલું પાયલટોના ધ્યાન ભંગ અને આતંકવાદી હુમલાની શક્યતાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દિલ્હી પોલીસે ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ સુધી ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટની આસપાસ લેસર લાઈટ્સ અને ડ્રોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ ૨૮ નવેમ્બરથી લાગુ થઈ ગયો છે. પોલીસનું કહેવું છે કે લગ્નો અને પાર્ટીઓમાં વપરાતી લેસર લાઇટથી પાઈલોટ્સનું ધ્યાન ભટકી શકે છે. ડ્રોનથી આતંકવાદી હુમલાની ધમકીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ આદેશનું ઉલ્લંઘન કરનારાઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ 223(a) હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. IGI એરપોર્ટની આસપાસ ઘણા ફાર્મહાઉસ, બેન્ક્વેટ હોલ, હોટલ અને રેસ્ટોરન્ટ છે. આ સ્થળોએ યોજાતી લગ્નો અને પાર્ટીઓમાં લેસર લાઇટનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. પોલીસનું કહેવું છે કે આ લાઈટો પાઈલટોનું ધ્યાન ભંગ કરી શકે છે, જેનાથી હવાઈ મુસાફરી અસુરક્ષિત બની જાય છે. તેથી પોલીસે ૨૮ નવેમ્બરથી ૨૬ જાન્યુઆરી સુધી લેસર લાઇટના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. પોલીસ આદેશમાં કહેવામાં આવ્યું છે કે, હાલમાં રાત્રીના સમયે ખુલ્લામાં લેસર બીમના ઉપયોગને નિયંત્રિત કરવા માટે કોઈ નિયમ-કાયદા નથી. IGI એરપોર્ટની આજુબાજુમાં લેસર બીમના ઉપયોગના કિસ્સામાં માનવ જીવન અને વિમાનની સુરક્ષા માટે ઉપદ્રવ અને જોખમને રોકવા માટે આ અંગે તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે. સ્પષ્ટ છે કે, લેસર લાઇટના અનિયંત્રિત ઉપયોગથી ઉદ્ભવતા જોખમોને ધ્યાનમાં રાખીને પોલીસે આ પગલું ભર્યું છે.ડ્રોનના ઉપયોગ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પોલીસને ડર છે કે આતંકવાદીઓ ડ્રોન, પેરાગ્લાઈડર, હેંગ ગ્લાઈડર અને એરોપ્લેન જેવા સાધનોનો ઉપયોગ કરીને હુમલો કરી શકે છે.

# ખંડવામાં મશાલ સરઘસમાં આગ લાગતા ૫૦થી વધુ લોકો દાઝ્યા

### ૩૦ લોકોને જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા જેમાંથી ૧૨ લોકોને દાખલ કરવામાં આવ્યા છે

। (એજન્સી) ખંડવા, તા.૩૦ ।

ખંડવામાં મશાલ સરઘસ દરમિયાન આગ ફાટી નીકળી હતી, જેમાં ૫૦ થી વધુ લોકો દાઝ્યા હતા. આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. આ ઘટના ગુરુવારે મોડી રાત્રે બની હતી. તેનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં જોવા મળી રહ્યું છે કે લોકો ઝડપથી દોડી રહ્યા છે. દાઝેલાઓને જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. માહિતી મળતા જ પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ જિલ્લા હોસ્પિટલ પહોંચી ગયા હતા. અહીં તેમણે દાઝેલાઓ સાથે વાત કરી, તેમની સ્થિતિ વિશે પૂછપરછ કરી અને ઘટના વિશે માહિતી મેળવી.

ખંડવાના એસપી મનોજ રાયે જણાવ્યું – જ્યારે શહેરના ક્લોક ટાવર પર મશાલ કૂચનું સમાપન થઈ રહ્યું હતું, ત્યારે કેટલીક મશાલ ઊંધી થઈ ગઈ. તેમાં રહેલા લાકડાંઈ નો વહેર અને તેલ આસપાસની મશાલોને સળગાવતા હતા, જેના કારણે ત્યાં એક વર્તુળમાં ઉભેલા લોકો દાઝી ગયા હતા. દાઝેલાઓમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. લોકોના ચહેરા અને હાથ બળી ગયા છે. ૩૦ લોકોને જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨ લોકોને દાખલ કરવામાં આવ્યા છે. બાકીનાને પ્રાથમિક સારવાર બાદ ઘરે મોકલી દેવામાં આવ્યા હતા. મશાલ માટે સામગ્રી તૈયાર કરનાર એક યુવકે જણાવ્યું કે, મશાલ માટે લાકડાનો ભૂકો, કપૂર અને થોડી માત્રામાં ડીઝલ પણ મિક્સ કરવામાં આવ્યું હતું. ડીઝલ ઉમેરવાથી ટોર્ચની આગ વધુ સમય સુધી બળે છે. પોલીસ અને વહીવટીતંત્રના લોકો વચ્ચે સામગ્રી તૈયાર કરવામાં આવી રહી હતી. પોલીસકર્મીઓ પણ સ્થળ પર હાજર હતા પરંતુ કોઈએ તેમને ડીઝલ ભેળવતા રોક્યા ન હતા. ખંડવામાં રાષ્ટ્રભક્ત વીર યુવા મંચ દ્વારા હિન્દુત્વના નેતા અશોક પાલીવાલના નેતૃત્વમાં આતંકવાદ સામે યુવા જનમત માટે મશાલ કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુવારે સાંજે બારાબામ ચોક ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. ૫ કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમને હૈદરાબાદના ભાજપના ધારાસભ્ય ટી રાજા અને પશ્ચિમ બંગાળના ભાજપના પ્રવક્તા અને સુપ્રીમ કોર્ટના એડવોકેટ નાઝિયા ખાને સંબોધિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. મશાલ સરઘસ મોડી રાત્રે ૧૧ વાગ્યે શરૂ થયું હતું. અડધા કલાક પછી, સરઘસ ઘંટાઘર ચોક ખાતે સમાપ્ત થઈ રહ્યું હતું, જે દરમિયાન કેટલીક મશાલો ઊંધી વળી ગઈ હતી. જેના કારણે આગ ફાટી નીકળી હતી. ટોર્ચમાં લાકડાનો ભૂકો અને કપૂર પાવડર હતો, જેના કારણે આગ વધુ ભડકી હતી.

## ભિલાઈથી સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા

# ગર્લફ્રેન્ડે લગ્ન માટે દબાણ કરતાં યુવકની આત્મહત્યા

। (એજન્સી) દુર્ગ, તા.૩૦ ।

છત્તીસગઢના દુર્ગ જિલ્લાના ભિલાઈથી સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં એક વ્યક્તિએ ઈન્ટરસિટી એક્સપ્રેસના ટોઈલેટમાં લટકીને આત્મહત્યા કરી લીધી. મહારાષ્ટ્રના ગોંદિયા રેલવે સ્ટેશન પર આ ઘટનાની જાણ થઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી કાર્યવાહી હાથ ધરી હતી.પરિવારનું કહેવું છે કે ગર્લફ્રેન્ડ તેના પર લગ્ન કરવા માટે દબાણ કરી રહી હતી, તેણે ધમકી આપી હતી કે જો તે લગ્ન નહીં કરે તો તે તેની વિરુદ્ધ ખોટી FIR નોંધાવશે. આ બાબતોથી પરેશાન વ્યક્તિએ આત્મહત્યા જેવું પગલું ભરવાની ફરજ પડી હતી. આત્મહત્યા કરતા પહેલા, વ્યક્તિએ તેના મિત્રને એક વૉઈસ નોટ મોકલી હતી, જેમાં તેણે તેની ગર્લફ્રેન્ડ અને તેના ત્રણ મિત્રો પર તેને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાનો આરોપ મૂક્યો હતો. મૃતકના મામાનો આરોપ છે કે તેનો ૨૮ વર્ષીય ભત્રીજો જગબંધુ સાહુ ઉર્ફે જગ્ગુ એક યુવતી સાથે સંબંધમાં હતો. બંને ચાર વર્ષથી લિવ-ઈન રિલેશનશિપમાં હતા, તે યુવતી સાથે લગ્ન કરવા માગતો હતો.

## હિંસા અને ઉશ્કેરણીની વધતી ઘટનાઓથી ચિંતિત

# હિન્દુઓને ટાર્ગેટ કરીને કરાઈ રહ્યા છે હુમલા', બાંગ્લાદેશના મુદ્દે ભારતનું આકરું વલણ

। (એજન્સી) ઢાકા, તા.૩૦ ।

ભારતે શુક્રવારે (૨૯ નવેમ્બર) બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય અલ્પસંખ્યકો વિરૂદ્ધ વધતા સંકટ અને ટાર્ગેટેડ હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી. બાંગ્લાદેશમાં અલ્પ સંખ્યકો પર થઈ રહેલા અત્યાચારના મુદ્દાઓ પર વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું કે,

'ભારતે હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ પર ખતરાઓ અને ટાર્ગેટેડ હુમલાઓના મુદ્દાઓને બાંગ્લાદેશ સરકાર સમક્ષ સતત અને મજબૂતીથી ઉઠાવ્યા છે.'

તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, 'આ મામલે અમારું સ્પષ્ટ વલણ છે કે, વચગાળાની સરકારને તમામ લઘુમતીઓની સુરક્ષાની પોતાની જવાબદારી નિભાવવી જોઈએ. અમે કટ્ટરપંથી નિવેદનબાજી, હિંસા અને ઉશ્કેરણીની વધતી ઘટનાઓથી ચિંતિત છીએ.' વિદેશ મંત્રાલયે વધુમાં કહ્યું કે, 'આ ઘટનાક્રમોને માત્ર મીડિયા દ્વારા ચગાવવામાં આવી રહ્યો છે તેવું સમજીને નકારી ન શકાય. ઈસ્કોન એક વિશ્વ સ્તરીય પ્રતિષ્ઠિત સંગઠન છે, જેનો સમાજ સેવાનો મજબૂત રેકોર્ડ છે. અમે એકવાર ફરી બાંગ્લાદેશને અલ્પ સંખ્યકોની સુરક્ષા માટે તમામ પગલાં ભરવાનું આહ્વાન કરીએ છીએ.' ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ પર વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'જ્યાં સુધી વ્યક્તિઓ વિરૂદ્ધ મામલાઓનો સવાલ છે, અમને જાણવા મળ્યું છે કે, કાયદાકીય પ્રક્રિયાઓ ચાલી રહી છે. અમને આશા છે કે આ પ્રક્રિયાઓ મામલે ન્યાયપૂર્વક, નિષ્પક્ષ અને પારદર્શી રીતે ઉકેલાશે, જેનાથી તમામ સંબંધિત લોકોને કાયદાકીય અધિકારોનું પૂર્ણ સન્માન મળે.'

## ખરાબ હવામાનના કારણે ૧૦ લોકો ફસાયા હતા

# દરિયામાં ફસાયેલા ૬ માછીમારો અને ચાર મજૂરોને બચાવાયા

। (એજન્સી) તમિલનાડુ, તા.૩૦ ।

ભારતીય કોસ્ટ ગાર્ડએ ગુરુવારે ખરાબ હવામાન દરમિયાન દરિયામાં ફસાયેલા ૬ માછીમારો અને ૪ મજૂરોને બચાવ્યા હતા. બધા તમિલનાડુના કુડ્ડલોરમાં બીચથી લગભગ ૨ કિમી દૂર ચેમ્પલાસ્ટ જેટી પર ફસાયેલા હતા. ચેન્નાઈથી કોસ્ટ ગાર્ડની ટીમ દ્વારા એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર મોકલવામાં આવ્યું હતું. ICGએ ઠ પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. ભારતીય કોસ્ટ ગાર્ડે બહાદુરી બતાવીને દરિયાની વચ્ચે ૧૦ લોકોના જીવ બચાવ્યા. કોસ્ટ ગાર્ડે ખરાબ હવામાનની વચ્ચે તમિલનાડુના કુડ્ડલોર ચેમપ્લાસ્ટ જેટીથી દરિયામાં લગભગ ૨ કિમી દૂર ફસાયેલા છ માછીમારો અને ચાર કામદારોને સુરક્ષિત રીતે બચાવ્યા હતા. કોસ્ટ ગાર્ડે આ બચાવ કામગીરીનો વીડિયો પણ જાહેર કર્યો છે. મળતી માહિતી મુજબ, તમિલનાડુના કુડ્ડલોર ચેમપ્લાસ્ટમાં ૧૦ લોકો ફસાયા હતા. જેમાંથી છ માછીમારો અને ચાર જેટીના કર્મચારીઓ હતા. ખરાબ હવામાનના કારણે આ લોકો ફસાયા હતા. કોસ્ટ ગાર્ડની ટીમે ગુરુવારે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને આ લોકોના જીવ બચાવ્યા હતા. આ લોકો કુડ્ડલોર જિલ્લાના ચિત્રપેટ્ટાઈ ગામ પાસે એક ખાનગી કંપનીની જેટી પર ફસાયેલા હતા. માછીમારોની બોટ દરિયામાં ડૂબી ગઈ હતી. ત્યારબાદ તેઓ જેટી પર અટવાઈ ગયા હતા. કોસ્ટ ગાર્ડની ટીમે ચેન્નાઈથી એડવાન્સ લાઈટ એટલે કે ALH હેલિકોપ્ટર મોકલ્યું હતું. બચાવ કામગીરી બાદ તમામ ૧૦ લોકોને ચિત્રપેટ્ટાઈ લઈ જવામાં આવ્યા હતા. છ માછીમારો થાઈ કલ થોની થુરાઈ ગામના હતા. તેમની બોટ દરિયામાં ડૂબી ગઈ. જેથી તેઓ જેટી પર અટવાયા હતા. જેટી પર ચાર કર્મચારીઓ પહેલેથી જ હાજર હતા.

## વિશેષ

### ભારત સરકારના શિક્ષા મંત્રાલય અને નેશનલ બુક ટ્રસ્ટના સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું આયોજન

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ'નો પ્રારંભ








। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે ભારત સરકારના શિક્ષા મંત્રાલય અને નેશનલ બુક ટ્રસ્ટના સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૪'નો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ નેશનલ બુક ફેરમાંથી વિવિધ પુસ્તકો ખરીદ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ મધર ઓફ ડેમોક્રેસી - ઈન્ડિયા, વેદ કલ્પતરુ, સામૂહિક હિત કા દીપ જલે (મન કી બાત જ૧૦૦) અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી લિખિત એક્ઝામ વોરીયર્સ જેવાં પુસ્તકો ડિજિટલ પેમેન્ટ દ્વારા ખરીદ્યા હતા.

આ તકે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિદ્યાર્થીઓને 'સમૃદ્ધ ભારત માટેનાં પાંચ વચન'નાં પ્રમાણપત્ર તેમજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લિખિત બુક 'એક્ઝામ વોરિયર્સ' બાળકોને આપવામાં આવી હતી.

આ પ્રસંગે અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, શહેરના ધારાસભ્યશ્રીઓ શ્રી અમિતભાઈ શાહ, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી જીતુભાઈ પટેલ, શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી અમુલભાઈ ભટ્ટ, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્ટે.કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, મ્યુનિ. કમિશનર શ્રી એમ.થેન્નારસન, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશભાઈ જ્હા, નેશનલ બુક ટ્રસ્ટના ચેરમેન શ્રી મિલિંદ મરાઠે તથા મ્યુનિ. કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વાંચન અને સાહિત્યના સુયોગ્ય પ્રસાર થકી આવનારી પેઢી બૌદ્ધિક રીતે સક્ષમ બને અને સશક્ત સમાજનું નિર્માણ થાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં 'વાંચે ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી હતી. જે અંતર્ગત અમદાવાદ મ્યુનિસપિલ કોર્પોરેશન દ્વારા છેલ્લાં ૧૨ વર્ષથી 'અમદાવાદ નેશનલ બુક ફેર' નામથી રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધી યોજાયેલા 'અમદાવાદ નેશનલ બુક ફેર'ના તમામ સંસ્કરણોને અમદાવાદ સહિત રાજ્યભરના પુસ્તકરસિકો અને સાહિત્યપ્રેમીઓનો અનેરો પ્રતિસાદ સાંપડ્યો છે.

હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત ૩૦ નવેમ્બરથી ૮મી ડિસેમ્બર સુધી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' યોજાશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ભારત સરકારના શિક્ષા મંત્રાલય અને નેશનલ બુક ટ્રસ્ટનો સહયોગ સાંપડતા અમદાવાદ નેશનલ બુક ફેર હવે આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કરીને પહેલી વખત 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' તરીકે યોજાઈ રહ્યો છે.

આ સમગ્ર આયોજનમાં ૧૦૦થી વધુ સાહિત્યિક કાર્યક્રમો, ૩૦૦થી વધુ પ્રકાશકોના સ્ટોલ સહિત ૧૦૦૦થી વધુ પ્રકાશકોનાં પુસ્તકો સાથે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ગુજરાત સહિત દેશભરના પુસ્તકરસિકો અને સાહિત્યપ્રેમીઓ માટે સાહિત્યનું સરનામું બની રહેશે. આ સાથે ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં મુલાકાતીઓ માટે લેખક મંચ, પ્રજ્ઞા શિબિર, જ્ઞાન ગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતના આકર્ષણો ઉપલબ્ધ રહેશે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં સ્પેન, શ્રીલંકા, પોલેન્ડ, ડેન્માર્ક, સ્કોટલેન્ડ, સિંગાપોર, યુ.એ.ઈ. જેવા દેશોના વક્તાઓ તથા પ્રખ્યાત ગુજરાતી લેખકો શ્રોતાઓનું માર્ગદર્શન કરશે. જેમાં પદ્મશ્રી રઘુવીર ચૌધરી, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, પદ્મશ્રી જગદીશ ત્રિવેદી, પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ, મોનિકા હલાન, રામ મોરી, ઈ. વી. રામાકિશન, સૌરભ બજાજ, વિલિયમ ડેલરિમ્પલ, ગિલેર્મો રોડ્રિગ્ઝ માર્ટિન, મોનિકા કોવાલેસ્કો-સુમોવ્સ્કા અને મેટ્ટ જ્હોન્સન જેવા ખ્યાતનામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સાહિત્યકારો, લેખકો અને વક્તાઓ વિવિધ વિષયો પર શ્રોતાઓ સાથે સંવાદ સાધશે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં તમામ મુલાકાતીઓ માટે પ્રવેશ નિઃશુલ્ક રહેશે, માત્ર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. https://forms.gle/craAgWAgEJRHhPcb7 લિંક પર રજિસ્ટ્રેશન કરીને બુક ફેસ્ટિવલ અંતર્ગત યોજાનારા વિવિધ સાહિત્યિક - સાંસ્કૃતિક કાર્યક્રમ નિઃશુલ્ક માણી શકાશે.

## મહિસાગરમાં જિગ્નેશ મેવાણી વિરુદ્ધ દલિતોની મહારેલી



। (એજન્સી) મહીસાગર, તા.૩૦ ।

વિરોધી રાજકારણીઓ, અધિકારીઓ તેમજ પોલીસ વિશે બેફામ ઉચ્ચારણો કરીને સતત વિવાદમાં રહેવા ટેવાયેલા જિગ્નેશ મેવાણી સામે હવે ઠેરઠેર દલિતોએ જ મોરચો માંડી દીધો છે. કોંગ્રેસ નેતા અને વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સામે દલિત સમાજે જ મોરચો માંડ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જિગ્નેશ મેવાણી વિરુદ્ધ મહીસાગર જિલ્લાના વિવિધ તાલુકામાં દલિત સમાજનાં લોકોએ રેલીઓ કાઢી મામલતદારને આવેદન પત્ર આપ્યું હતું અને ધારાસભ્ય વિરુદ્ધ કાર્યવાહી કરવા માગ કરી હતી. બાલાસિનોર દલિત સમાજે આરોપ લગાવતા કહ્યું હતું કે, જિગ્નેશ મેવાણી વિકૃત માનસિકતા ધરાવતા ધારાસભ્ય છે. અહીં ખાસ નોંધપાત્ર છે કે થોડા સમય પહેલાં પણ દલિત મહિલાઓ તેમજ અન્ય સમાજના લોકોએ મેવાણી દ્વારા તેમને ધાકધમકી આપવામાં આવતી હોવાનો તેમની કામગીરીમાં અવરોધ ઊભા કરવામાં આવતો હોવાની રજૂઆત કરી હતી.

દલિત સમાજનો આરોપ છે કે, મેવાણી સમાજને ઘેર માર્ગે દોરી રહ્યા છે. ખોટા મેસેજો કરીને સમાજમાં ભેદભાવ ઉત્પન્ન કરતા હોવાનો આક્ષેપ પણ ધારાસભ્ય વિરુદ્ધ થયો છે. બાલાસિનોર દલિત સમાજે કહ્યું કે મેવાણી વિકૃત માનસિકતા ધરાવતા ધારાસભ્ય છે. તે કેટલાક અધિકારીઓ સાથે ખરાબ વર્તન કરે છે. દલિત સમાજના જ લોકો દ્વારા મેવાણી વિરુદ્ધ આવેદનપત્રો આપવામાં આવતાં હવે મહીસાગર જિલ્લા કોંગ્રેસમાં ચિંતા વધી છે. તેનું કારણ એ છે કે આ રીતે મેવાણીનો વિરોધ વધતા કોંગ્રેસને નુકસાન થઈ શકે એવું પક્ષના વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે.

### ડાયસ અને આધાર કાર્ડમાં સામાન્ય તફાવતના લીધે આઈડી ક્રિએટ થતું નથી

# શાળાઓમાં ઈ-કેવાયસીની જેમ હવે અપાર આઈડીમાં ધાંધિયાથી હાલાકી

### રાજ્યની શાળાઓમાં ઈ-કેવાયસી બાદ હવે અપાર આઈડીના પગલે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

રાજ્યની શાળાઓમાં ઈ-કેવાયસી બાદ હવે અપાર આઈડીના પગલે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કેન્દ્ર સરકારની સુચના અનુસાર તમામ બાળકોનું ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (અપાર) ID બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીના ડાયસ ડેટાને આધારકાર્ડ સાથે લિંક કરવાનું હોય છે. પરંતુ આ પ્રક્રિયામાં છેલ્લા કેટલાક દિવસથી શાળાઓના શિક્ષકો, વિદ્યાર્થી અને વાલીઓ ભારે હાલાકી ભોગવી રહ્યાં છે. રાજ્યના અનેક વિદ્યાર્થીઓના ડાયસ અને આધાર કાર્ડમાં નામમાં સામાન્ય તફાવત હોવાના કારણે અપાર આઈડી બનતું નથી. બીજી બાજુ અધિકારીઓ દ્વારા રોજેરોજ અપાર આઈડીની કામગીરીને લઈને શિક્ષકો પર દબાણ કરવામાં આવી રહ્યું છે. નવી શિક્ષણ નીતિ અંતર્ગત વન નેશન, વન સ્ટુડન્ટ આઈડીની થીમ આધારિત વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓને ટ્રેક કરવા માટે APPAR આઈડી બનાવવાનું નક્કી કરાયું છે. શિક્ષણ વિભાગ દ્વારા APPAR આઈડીમાં વિદ્યાર્થીઓના પરિણામો, શૈક્ષણિક રેકોર્ડ તથા સિદ્ધીઓ ડિજિટલ સ્વરૂપે સ્ટોર કરાશે એવો હેતુ દર્શાવાયો છે. પરંતુ અપાર આઈડી ક્રિએટ કરવાની પ્રક્રિયામાં છેલ્લા ઘણા દિવસોથી ગુજરાતનું સમગ્ર શિક્ષણકાર્ય જ ખોરવાઈ ચુક્યો હોવાની વિગતો સામે આવી રહી છે. અપાર આઈડી માટે વાલીઓ પાસેથી સંમતિ મેળવાઈ રહી છે અને તેની સાથે વિદ્યાર્થીઓના આધારકાર્ડ પણ સ્કૂલમાં મંગાવવામાં આવ્યા છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીઓના આધાર કાર્ડને ડાયસના નામ સાથે લિંક કરવામાં આવે છે અને તેના આધારે અપાર આઈડી બને છે. જોકે, રાજ્યના અનેક વિદ્યાર્થીઓ એવા છે કે જેઓના આધારકાર્ડમાં નામ અને યુડાયસના નામ એક સમાન નથી. ઉપરાંત જે વિદ્યાર્થીઓના નામ એક સમાન છે તો ક્યાંક નાની-મોટી સ્પેલિંગ ભૂલ આવે છે. આવા સંજોગોમા અપાર આઈડી ક્રિએટ થતુ નથી. હાલમાં અપ ાર આઈડી બનાવવામાં જે મુશ્કેલી આવી રહી છે તેમાં આધારકાર્ડમાં વિદ્યાર્થીનું પૂરું નામ ન હોવાના કારણે મિસમેચ આવે છે. સ્કૂલના ર્ઈમાં વિદ્યાર્થીઓના જે નામ છે તે પ્રમાણે આધારકાર્ડમાં નામ ન હોવાના કારણે અપાર આઈડી ક્રિએટ થતાં નથી. આધારકાર્ડમાં જન્મ તારીખની જગ્યાએ જન્મનું વર્ષ લખેલું હોય છે. આધાર કાર્ડમાં અટક અને નામ વચ્ચે ડબલ સ્પેસ હોવાથી ભૂલ દેખાતી નથી. આમ, આવી અનેક સમસ્યાઓનો ભોગ અત્યારે વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો બની રહ્યાં છે. કારણ કે, ઉચ્ચ અધિકારીઓ રોજેરોજ જિલ્લાઓમાંથી આંકડાકીય વિગતો મેળવી રહ્યા છે અને આધારકાર્ડ અને યુડાયસના નામમાં વિસંગતતાના લીધે અપાર આઈડી ક્રિએટ થતાં ન હોવાથી કામગીરી ઓછી જણાય છે અને તેના લીધે અધિકારીઓનો ઉધડો લેવાય છે. આગામી દિવસોમાં અપાર આઈડીને લઈને વાલીઓને પણ હેરાનગતિનો સામનો કરવો પડી શકે છે. અપાર આઈડીમાં નામ મિચમેસ થવાના કિસ્સામાં વાલીઓ પાસે આધાર કાર્ડમાં સુધારા કરાવવા દબાણ કરવામાં આવે તેવી શક્યતાઓ સૂત્રોએ વ્યક્ત કરી છે.

### મોરબી દુર્ઘટનાનો મામલો તદ્દન જુદો છે

## હરણી બોટ કાંડના પીડિતોને મોટર વ્હીકલ એક્ટ મુજબ વળતર ચુકવવા હાઇકોર્ટનો મત

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

હરણી બોટ દુર્ઘટના મામલે થયેલી સુઓમોટો રિટ પિટિશનની સુનાવણીમાં શુક્રવારે હાઈકોર્ટે એવો મત વ્યક્ત કર્યો હતો કે આ દુર્ઘટનાના મૃતક અને ઈજાગ્રસ્તોને મોટર વ્હીકલ એક્ટમાં વળતર માટેની જોગવાઈઓ મુજબનું વળતર ચુકવવું જોઈએ. બીજી તરફ રાજ્ય સરકારે એવો પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે મોરબીના પીડિતોને વળતર માટે ઓરેવાને જવાબદારી સોંપાઈ એવી જ કાર્યવાહી હરણી બોટ કાંડ માટે મેસર્સ કોટિયા પ્રોજેક્ટને સોંપવી જોઈએ. અલબત્ત, હાઈકોર્ટે વડોદરા કલેક્ટરને મોટર વ્હીકલ એક્ટ પ્રમાણે વળતરની ચુકવણી માટે એક અધિકારીની નિમણૂક કરવાનો અને એ અધિકારીએ આઠ સપ્તાહમાં હાઈકોર્ટ સમક્ષ સોગંદનામું કરીને વળતરની માહિતી આપવાનો આદેશ કર્યો છે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે સુનાવણી બાદ આદેશમાં નોંધ્યું હતું કે,'વડોદરા કલેક્ટર પીડિતોની માહિતી મેળવવા માટેની તપાસ પૂર્ણ કરી છે. જે અંગેનો ચાર્ટ સોગંદનામા મારફતે રજૂ કરાયો છે. આ વિગતોને ધ્યાનમાં લેતાં કોર્ટનો મત છે કે મોટર વ્હીકલ એક્ટમ્ાં માર્ગ અકસ્માતમાં થતાં મોત અ્ને ઈજામાં મળતાં વળતર મુજબ જ આ ઘટનાના મૃતકો માટેનું વળતર પણ નક્કી કરી શકાય છે. આ પ્રક્રિયા કરવા માટે વડોદરા કલેક્ટર એક નોમિનીની નિમણુક કરી, વળતર અંગેની રકમ નક્કી કરે. તે ઉપરાંત પીડિતોને લીગલ એઈડ પર પુરી પાડવામાં આવે. મેસર્સ કોટિયા પ્રોજેક્ટ પણ અધિકારી સમક્ષ પોતાની રજૂઆત કરવા માટે લીગલ એક્સપર્ટની નિમણુક કરી શકે છે. આઠ સપ્તાહમાં વળતર નક્કી કરીને કોર્ટ સમક્ષ સોગંદનામા સાથે રજૂ કરવામાં આવે.' કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટકોર કરી હતીકે મોટા ભાગે કુમળી વયના બાળકોનો દુર્ઘટનામાં ભોગ લેવાયો હતો. વળતરનો મુદ્દો કલેક્ટરે નક્કી કરવો જોઈએ. કલેક્ટરે એક અધિકારીની તમામ મૃતક બાળકોના વાલીઓની રજૂઆત બાદ વળતર નક્કી કરવામાં આવે. બીજી તરફ કોટિયા પ્રોજેક્ટસને દંડ રૂપે વળતરની ચુકવણી કરવાના આદેશ કરવા પીડિત પક્ષે માંગ કરી હતી. ત્યારે હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે મોટર વ્હીકલ એક્ટ હેઠળ વળતર માટે ઈજા, ઉંમર, મૃત્યુને ધ્યાનમાં લઈને વળતરની જોગવાઈઓ છે, એ મુજબનું જ વળતર મળી રહે એવું હાઈકોર્ટ સુનિશ્ચિત કરી રહી છે. મોરબી દુર્ઘટનાનો મામલો તદ્દન જુદો છે. એમાં જે પુલ હતો એની ડિઝાઈનમાં ફોલ્ટ હતો, કેમ કે રિનોવેશનનું કોન્ટ્રાક્ટ કંપનીએ ખોટી રીતે આપ્યું હતું અને કંપનીએ બારોબાર પુલ ખુલ્લું મુક્યું હતું. જોકે અમે હરણી કાંડમાં પણ કંપનીને ક્લિન ચીટ આપી રહ્યા નથી. પરંતુ દરેક કેસમાં એક સમાન બાબતો ન હોઈ શકે.

### પરિવારે એકનો એક પુત્ર ગુમાવ્યો

## મહેસાણામાં ચાઈનીઝ દોરીથી યુવકનું ગળું કપાઈ જતા મોત

### આંબલિયાસણ રેલવે ઓવરબ્રિજ આ બનાવ બન્યો હતો, યુવક પત્ની સાથે બાઈક પર જતો હતો ત્યારે ઘટના બની

। (એજન્સી) મહેસાણા, તા.૩૦ ।

ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં છૂટથી મળી રહી છે. ઉત્તરાયણને હજુ ઘણી વાર હોવા છતાં રાજ્યમાં ચાઈનીઝ દોરીના કારણે જીવલેણ અકસ્માતની ઘટના બનવા લાગી છે. ચાઈનીઝ દોરીના કારણે રાજ્યમાં છેલ્લા ૧૦ દિવસમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. મહેસાણામાં એક વ્યક્તિનું દોરીથી ગળું કપાઈ જતા મોત થયું હતું. આંબલિયાસણ રેલવે ઓવરબ્રિજ આ બનાવ બન્યો હતો. યુવક પોતાની પત્ની સાથે બાઈક પર જતો હતો ત્યારે ઘટના બની હતી. પરિવારના એકના એક દિકરાનું મોત થયા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

મહેસાણાના બલિયાસણનો ૨૫ વર્ષનો યુવક મહેશ ઠાકોર પોતાની પત્ની સાથે ભાસરિયા હાઈવેથી આંબલિયાસણ સ્ટેશન તરફ રેલવે ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે અચાનક ચાઈનીઝ દોરી ગળામાં ફસાઈ જતાં ગળું ચિરાઈ ગયું હતું. ત્યારબાદ યુવકને તાત્કાલિક હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

### યુવકે કર્યો આપઘાત

## ભાવનગરમાં ૧.૫ કરોડની લોનની લાલચમાં ૪૦ લાખ રૂપિયા ગુમાવ્યા

### આ સમગ્ર મામલે બી.ડિવિઝન પોલીસે સ્યુસાઈડ નોટ અને વિડીયોના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે

। (એજન્સી) ભાવનગર, તા.૩૦ ।

ભાવનગર શહેરમાં લોનની લાલચમાં લાખો રૂપિયા ગુમાવ્યા બાદ પરણિત યુવાને ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. આ યુવાને આત્મહત્યા કરતા પહેલા વીડિયો બનાવ્યો હતો. શહેરના બોરડીગેટ વિસ્તારમાં રહેતા પ્રવીણ સાગઠીયા નામના પરણિત કોન્ટ્રાક્ટર યુવાને દોઢ કરોડ રૂપિયાની લોનની લાલચમાં ૪૦ લાખ રૂપિયા ગુમાવી દેતા અંતિમ પગલું ભરી ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. આ યુવાને આત્મહત્યા કરતા પહેલા એક વીડિયો બનાવ્યો હતો, જેમાં સમગ્ર બાબતનું વર્ણન કર્યું હતું. વીડિયોમાં યુવાને કહ્યું કે રાજુભાઈ ટીડાભાઈ સોલંકી - રહે. બજરંગ બાલક સોસાયટી, ચિત્રા અને મેહુલ મકવાણા - રહે નીલકંઠ નગર, ભરતનગર પાછળ આ બંનેએ દોઢ કરોડ રૂપિયાની લોનની લાલચ આપી ૪૦ લાખ રૂપિયા પડાવી લીધા હતા. બાદમાં કહ્યું કે લોન કરનાર સાહેબની બદલી થઈ ગઈ હોવાથી હવે લોન નહીં થાય. આ યુવકે પોતાના નાનાં પરત માંગતા આરોપીઓએ ૩૦ લાખ પપરત આપી દેશે એવું લખાણ કરીને આપ્યું હતું. પરંતુ આ યુવકે જેમની પાસેથી નાણાં લીધા હતા તે લોકોએ ઉઘરાણી કરતા યુવકે આત્મહત્યા કરી લીધી છે.

### ઇનકમ ટેક્સનું મેગા ઓપરેશન

## રાધે ગ્રુપની અમદાવાદ, મહેસાણા, મોરબી, ગાંધીનગરની ૩૪ પ્રિમાઇસિસ પર દરોડા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

ઈનકમ ટેક્સની ટીમે ગુજરાતમાં અમદાવાદ, મહેસાણા, મોરબી, ગાંધીનગર અને હિંમતનગરમાં ૩૪ સ્થળે દરોડા પાડીને કરોડો રૂપિયાની કરચોરી શોધી કાઢી છે. મૂળ મહેસાણાના ટ્રોગોન, રાધે અને ધરતી સાકેત ગ્રુપની અમદાવાદ ખાતેની ઓફિસ અને સાઈટો મળીને કુલ ૨૫ પ્રિમાઈસીસ પર અધિકારીઓ તપાસ કરી રહ્યા છે. આ તપાસનો રેલો અન્ય બિલ્ડરો સુધી પણ પહોંચે તેવી સંભાવના છે. આયકર વિભાગની ટીમે મોરબીની તીર્થક અને સોહમ મીલ પર દરોડા પાડીને તપાસ કરી હતી. જેનું કનેક્શન બિલ્ડર ગ્રુપ સાથે હોવાની વિગતો પણ સામે આવી રહી છે. આયકર વિભાગના દોઢસોથી વધુ અધિકારીઓ વહેલી સવારથી મોટા પ્રમાણમાં સુરક્ષા એજન્સીઓની ટીમ સાથે જુદી જુદી પ્રિમાઈસીસ પર ત્રાટક્યા હતા. પ્રાથમિક તપાસમાં આ ગ્રુપના મહેન્દ્ર પટેલની કરોડોની કરચોરી શોધી કાઢવામાં આવી છે.ઈનમક ટેક્સના અધિકારીઓ દ્વારા અમદાવાદના એસજી હાઈવે પર બની રહેલા હાઈરાઈઝ બિલ્ડિંગના બિલ્ડર ગ્રુપ રાધે, ટ્રોગોન અને ધરતી સાકેતના આર્થિક વ્યવહારો પર વોચ હતી. આ ગ્રુપની મોટા ભાગની સાઈટ એસજી હાઈવે અને વૈષ્ણોદેવી સર્કલ આજુબાજુ ચાલી રહી છે. ત્રણેય ગ્રુપ પરસ્પર સંકળાયેલા છે. જેમની અમદાવાદ ઉપરાંત ગુજરાતભરમાં ઓફિસો કાર્યરત છે.ઈમકમ ટેક્સની ટીમે પહેલા મોરબીની બે મીલમાં દરોડા પાડીને કરોડોની કરચોરી શોધી કાઢી હતી. બીજી તરફ આ મીલ સાથે જોડાયેલા ત્રણ બિલ્ડર ગ્રુપની ઓફિસોમાં પણ દરોડાની તૈયારી કરવામાં આવી હતી. આયકર વિભાગના અધિકારીઓએ બિલ્ડરની ઓફિસો ઉપરાંત તેમના ઘર અને સાઈટ પર તપાસ કરી રહી છે. ઓફિસોમાંથી ઘણી ફાઈલો, ચિઠ્ઠીઓ ડાયરીઓ અને દસ્તાવેજો મળ્યા છે. અધિકારીઓને ડિજિટલ ડેટા પણ મળ્યા છે. તેની મિરર ઈમેજ લઈને તેની તપાસ કરવામાં આવશે. પ્રાથમિક તપાસમાં જ કરોડો રૂપિયાની કરચોરીની વિગતો સામે આવી છે.લાંબા સમયથી અમદાવાદ સહિત રાજ્યભરના મોટા શહેરોમાં બિલ્ડર ગ્રુપ દ્વારા મોટા પ્રોજેક્ટ કરાયા હતા. જમીનની ખરીદી અને પ્રોપર્ટીના વેચાણમાં પણ ઘણા હિસાબી ગોટાળા કરવામાં આવ્યા હતા. જે તમામ આર્થિક બાબતોનો અધિકારીઓ દ્વારા અભ્યાસ કરાયા બાદ રેડ કરવામાં આવતાં બિલ્ડર ગ્રુપના ખેલ ખુલ્લા પડી રહ્યા છે.

### સાસરીયાઓ પર અંધશ્રદ્ધાળુ હોવાનો આરોપ લગાવ્યો

## દીકરીનો જન્મ થતાં માતાપુત્રીને ઘરની બહાર કાઢી મૂકવામાં આવ્યા

। (એજન્સી) જૂનાગઢ, તા.૩૦ ।

સરકાર "બેટી બચાવો બેટી પઢાવો"ને ગમે તેટલી પ્રોત્સાહન આપે, તો પણ ઘણા લોકોની માનસિકતા બદલાઈ નથી. કારણ કે સમાજમાં દીકરીઓને બોજ માનતા લોકોની સંખ્યા ઘટી નથી. આવો જ એક કિસ્સો જૂનાગઢમાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં દીકરીનો જન્મ થતાં જ માતા-પુત્રીને ઘરની બહાર કાઢી મુકવામાં આવ્યા હતા. આ મહિલા અને તેની એક વર્ષની પુત્રીને આ મહિલા હવે પોતાને અને તેની પુત્રીને ન્યાય મેળવવા પોલીસ સ્ટેશને આવી છે આ મહિલાનું નામ છે ગાયત્રીબેન મેઘાણી અને તેની એક વર્ષની પુત્રી પ્રીશાપઆઠ વર્ષ પહેલા ગાયત્રીબેનના લગ્ન થયા હતા. જૂનાગઢના વાંઝાવાડના રહેવાસી ગાયત્રીબેન મેઘાણીને તેના સાસરિયાઓ વારંવાર મારતા હતા અને શારીરિક અને માનસિક ત્રાસ વચ્ચે ગાયત્રીબેને એક પુત્રને જન્મ આપ્યો હતો એક વર્ષ પહેલા ગાયત્રીબેને એક સુંદર પુત્રીને જન્મ આપ્યો હતો અને પુત્રીનો જન્મ થતાં જ સાસરીયાઓએ પરિણીતાને ઘરની બહાર કાઢી મુકી હતી. આ ક્રમ એક વર્ષથી ચાલી રહ્યો છે. પરિણીત મહિલા તેની માતાના ઘરે રહે છેએટલું જ નહીંપ અગાઉ પણ એક વખત ગાયત્રીબેન મેઘાણી જ્યારે ગર્ભવતી હતા ત્યારે તેમના પતિ આશિષ મેઘાણી અને તેમના સાસરિયાઓએ જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં પ્રેગ્નન્સી ટેસ્ટ કરાવ્યો હતો અને જ્યારે તેમને ખબર પડી હતી કે તેમને દીકરી થવાની છે. તેણે ગર્ભપાત કરાવ્યો અને ત્યારબાદ આ પુત્રીનો જન્મ થયો. ગાયત્રીબેને તેના સાસરીયાઓ પર અંધશ્રદ્ધાળુ હોવાનો આરોપ લગાવ્યો છે.

### પ્રોપર્ટી દલાલની વિશેષ ભૂમિકા

## Zomatoમાં ડિલિવરી કરતા લલિત ગાંધીએ પ્રોપર્ટી વેચવા બહાને ૯૩૦૦,૦૦૦નું ફૂલેકું ફેરવ્યું

### છેતરપિંડી મામલે આર્થિક ગુના નિવારણ શાખા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપી તથા જમીન દલાલની ધરપકડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ શહેરમાં પ્રોપર્ટી વેચાણ અર્થે દસ્તાવેજ કરી આપવાના બહાને વધુ એક છેતરપિંડીનો ગુનો સામે આવ્યો છે. જેમાં મણીનગરના ઈસમ પાસેથી ૯૨ લાખ ૯૬ હજાર જેટલી રકમ પ્રોપર્ટી વેચાણ કરવા તેમજ પોતાના ધંધાના વિકાસ કરવા માટે મેળવી આશરે ૪ વર્ષ જેટલા સમય સુધી મેળવી લઈ પરત ન આપી માત્ર વાયદાઓ કર્યા અને જમીન દલાલ સાથે મળી છેતરપિંડી કરી હોવાનું સામે આવતા આર્થિક ગુના નિવારણ શાખા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપી તથા જમીન દલાલી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઈઓ ક્રાઈમ બ્રાન્ચ છઝૅ જણાવ્યું હતું કે મણીનગરના રમણનગર ચાર રસ્તા પાસે આવેલી ચરોતર પટેલ સોસાયટી ખાતે રહેતા હિતેશભાઈ પ્રવીણભાઈ પટેલની આપવામાં આવેલ ફરિયાદ મુજબ પરમેશ્વર એવેન્યુ કાંકરિયા ગોરધનવાડી ટેકરા ખાતે રહેતા લલિત હરકચંદ જૈન (ગાંધી) તેમજ પત્ની પ્રિયંકા લલિતકુમાર ગાંધીએ જમીન દલાલ રાજુભાઈ સુખલાલભાઈ રાજપુત સાથે મળી પોતાનું રહેઠાણનું મકાન તેમજ હીરાનંદ કોમ્પ્લેક્ષ મણિનગર ખાતે આવેલી પોતાની દુકાન વેચાણ આપવા અર્થે ૩૮,૭૦,૦૦૦ શરૂઆતમાં મેળવી જમીન દલાલની હાજરીમાં સમજૂતી નોટરાઈઝ કરાર તથા પ્રોમિસરી નોટ તથા વાઉચરમાં સહીઓ કરી આપી હતી. જે બાદ સમય જતાની સાથે વધુ ૩૮,૭૦,૦૦૦ પોતાનો ધંધાનો વિકાસ કરવા માટે મેળવી લઈ આજ દિન સુધી પૈસા પરત ના આપી છેતરપિંડી કરી હોવાની ફરિયાદ સામે આવતા આરોપી લલિત જૈન તથા જમીન દલાલ રાજુ રાજપુતની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ કેસમાં જમીન દલાલ રાજુ રાજપૂતે ૧,૭૬,૦૦૦ ભોગ બનનાર હિતેશભાઈ પટેલ પાસેથી દલાલી પેટે મેળવ્યા હતા. જે બાદ આરોપી લલિત જૈન તેમના પત્ની પ્રિયંકાબેન ગાંધી તેમજ જમીન દલાલ રાજુ રાજપુત ત્રણે જણાએ મળી જઈ સતત ૪ વર્ષ સુધી પૈસા પરત આપવાના વાયદાઓ કર્યા અને પ્રોપર્ટી વેચાણનું દસ્તાવેજ પણ ન કરી આપ્યો.




